આજનો સુવિચાર

ઊંઘ ત્યાંથી સમાપ્ત થઈ જવી જોઈએ જ્યાંથી માત્ર જીવનની શરૂઆત થાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૦૩ જૂનાગઢ તા.૧૪-૧૨-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 03, Junagadh : Date : 14 December, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay



દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશોથી નોકરી નો પ્રસ્તાવ ?
આ એક કોભાંડ હોય શકે છે
ઓફરને સાવધાની પુર્વક તપાસો.
ફક્ત સરકાર દ્વારા સ્વીકૃત એજન્ટો પર ભરોસો કરો
cbc 19101/13/0033/2425
સાઈબર સ્લેવરી સ્કૅમથી સાવધાન રહો
દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોથી મળવા વાળા આકર્ષક નોકરી પ્રસ્તાવ આપને સાઈબર ગુલામીમાં ધકેલી શકે છે.
गृह मंत्रालय MINISTRY OF HOME AFFAIRS
Indian Cyber Crime Coordination Centre
રોકાવ, વિચારો, એક્શન લ્યો
www.cybercrime.gov.in અથવા ૧૯૩૦ પર આપની ફરીયાદ નોંધાવો.
વધુ જાણકારી માટે cyberdost ને ફોલો કરો


## અલ્લુ અર્જુને જેલમાં રાત વિતાવી : સવારે છુટકારો થયો



હૈદરાબાદ, તા.૧૪: 'પુષ્પા ૨: ધ રૂલ' પ્રીમિયર શો દરમિયાન એક મહિલાના મૃત્યુના સંબંધમાં દક્ષીણના લોકપ્રિય અભિનેતા અલ્લુ અર્જુનને આજે સવારે ચંચલગુડા સેન્ટ્રલ જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. અભિનેતાને શુક્રવારે સાંજે તેલંગાણા હાઈકોર્ટ દ્વારા વચગાળાના જામીન આપવામાં આવ્યા હતા, જ્યારે નીચલી અદાલતે તેને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધો હતો. જેલ સત્તાવાળાઓ દ્વારા જામીન મેળવવામાં વિલંબને કારણે તેને જેલમાં જ રાત વિતાવવી પડી હતી. જેલ સત્તાધીશોએ રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અભિનેતાને જેલના પાછળના દરવાજેથી મુક્ત કર્યો હતો. તેને એસ્કોર્ટ વાહનમાં મોકલવામાં આવ્યો હતો. અભિનેતા સીધો ગીતા આર્ટસની ઓફિસે પહોંચ્યો હતો. બાદમાં તેઓ જ્યુબિલી હિલ્સ સ્થિત તેમના નિવાસસ્થાને પહોંચ્યો હતો.

આ પહેલા શુક્રવારે રાત્રે તેની મુક્તિને લઈને સસ્પેન્સ હતું. જેલ અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમને જામીનનો આદેશ મોડી રાત્રે મળ્યો હતો અને જેલ મેન્યુઅલ મુજબ કેદીઓને રાત્રે મુક્ત કરી શકાતા નથી, અભિનેતાને બીજા દિવસે સવારે મુક્ત કરવામાં આવશે. અલ્લુ અર્જુન, જેને શુક્રવારે રિમાન્ડ પર લેવામાં આવ્યો હતો, તેણે નામપલ્લી કોર્ટ દ્વારા આપવામાં આવેલ વિશેષ દરજ્જા હેઠળ મંજીરા બ્લોકમાં રાત વિતાવી હતી.

## વન નેશન - વન ઈલેક્શન બીલ સરકાર સોમવારે લોકસભામાં રજુ કરશે : સર્વસંમતિ માટે જેપીસી સમક્ષ મોકલવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૪: કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ સોમવારે લોકસભામાં વન નેશન વન ઈલેક્શન બિલ રજૂ કરશે. સરકારી સૂત્રોનું કહેવું છે કે આ બિલને જેપીસીને ચર્ચા માટે મોકલવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર સરકાર આ બિલને લાંબી ચર્ચા અને સર્વસંમતિ બનાવવા માટે સંયુક્ત સંસદીય સમિતિને મોકલશે. જેપીસી તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે વિગતવાર ચર્ચા કરશે અને આ પ્રસ્તાવ પર સામૂહિક સર્વસંમતિની જરૂરિયાત પર ભાર મૂકશે.

હાલમાં દેશના અલગ-અલગ રાજ્યોમાં અલગ-અલગ સમયે ચૂંટણી યોજાય છે. પરંતુ આ કાયદો બન્યા બાદ દેશમાં એક સાથે ચૂંટણી કરાવવાની તૈયારીઓ ચાલી રહી છે. જો કે, સરકારના આ પગલાનો કોંગ્રેસ અને AAP જેવી ઘણી પાર્ટીઓએ વિરોધ કર્યો છે. વિપક્ષનો આરોપ છે કે આનાથી કેન્દ્રમાં સત્તાધારી પક્ષને ફાયદો થશે. નીતિશ કુમારના JD(U) અને ચિરાગ પાસવાન જેવા NDAના મુખ્ય સાથીઓએ એક સાથે ચૂંટણી યોજવાનું સમર્થન કર્યું છે. 'એક દેશ, એક ચૂંટણી'ને વારંવાર ચૂંટણીઓ સાથે સંકળાયેલા ખર્ચ અને વિક્ષેપોને ઘટાડવા માટે એક મહત્વપૂર્ણ સુધારા તરીકે જોવામાં આવે છે.

## વડાપ્રધાન મોદી આજે સાંજે લોકસભામાં સંબોધન કરશે

નવી દિલ્હી, તા.૧૪: આજે લોકસભામાં બંધારણ પર ચર્ચાનો બીજો દિવસ છે. વડાપ્રધાન મોદી આજે સાંજે સંબોધન કરશે. આ ચર્ચામાં રાહુલ ગાંધી પણ જોડાઈ શકે છે. લોકસભાની કાર્યવાહી સવારે ૧૧ વાગ્યે શરૂ થઈ હતી. શાસક પક્ષ અને વિપક્ષના નેતાઓ ગૃહમાં પોતાના મંતવ્યો રજૂ કરશે. પીએમ મોદી આજે સાંજે લોકસભામાં ચર્ચાનો જવાબ આપશે. વિપક્ષના નેતા રાહુલ ગાંધી પણ આજે ગૃહમાં પોતાના વિચારો રજૂ કરી શકે છે.

ગઈકાલે એટલે કે પ્રથમ દિવસે, કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ દ્વારા લોકસભામાં બંધારણ પર ચર્ચા શરૂ કરવામાં આવી હતી. પ્રિયંકા ગાંધીએ વિપક્ષના આક્ષેપોનો જવાબ આપ્યો. રાજનાથ સિંહે એક કલાકથી વધુ સમય સુધી ભાષણ આપ્યું હતું. આ પછી પ્રિયંકા ગાંધીએ સંબોધન કર્યું. સંસદમાં પ્રિયંકા ગાંધીનું આ પ્રથમ ભાષણ હતું. પ્રિયંકા ગાંધીએ રાજનાથ સિંહના દરેક નિવેદનનો જવાબ આપ્યો હતો.

## ભારતીય વિદ્યાર્થીઓની કારકિર્દી બરબાદ કરવાની કેનેડા સરકારની ગંદી રમત : ઈ-મેઈલ બોમ્બ ફોડયો

ટોરેન્ટો, તા.૧૪: કેનેડા-ભારત વચ્ચે તણાવ ચરમસીમા પર છે. ત્રણ ભારતીય વિદ્યાર્થીઓની હત્યા બાદ ભારત અને કેનેડા વચ્ચે તણાવ વધુ વધી ગયો છે. ભારતે કેનેડાની સરકાર પાસે ઉંડાણપૂર્વક તપાસની માંગ કરી છે અને ત્યાં પોતાના નાગરિકો પર વધી રહેલા હુમલાઓ અંગે પણ ચેતવણી આપી છે. બીજી તરફ કેનેડાએ ભારતીયોને હેરાન કરવા માટે નવી ગંદી રમત રમી છે. તેના માટે ઔપચારિક ઈમેલ પણ મોકલવામાં આવ્યો છે. જેના કારણે ભારતીય વિદ્યાર્થીઓ ગભરાટમાં છે

ભારત સાથે ગંદી રાજનીતિ રમી રહેલા કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોની સરકારે હવે ભારતીય વિદ્યાર્થીઓને હેરાન કરવાનો નવો રસ્તો શોધી કાઢયો છે. જેના માટે ઈમેલ મોકલવામાં આવ્યો છે. આનો અર્થ એ થયો કે ટ્રુડોના મનમાં એક અલગ જ પ્રકારની ખીચડી રંધાઈ રહી છે. તેઓ ભારતના વિદ્યાર્થીઓ સહિત તમામ વિદેશી વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી કરવાની તૈયારી કરી રહ્યા છે, જેના કારણે કેનેડામાં અભ્યાસ કરવા આવેલા વિદેશી વિદ્યાર્થીઓમાં ભારે ગભરાટ ફેલાયો છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં પ્રકાશિત અહેવાલ અનુસાર, કેનેડામાં અભ્યાસ કરી રહેલા ભારતીય વિદ્યાર્થીઓએ જણાવ્યું છે કે તેમને અભ્યાસ પરમિટ, વિઝા અને શૈક્ષણિક રેકોર્ડ જેવા મહત્વપૂર્ણ દસ્તાવેજો ફરીથી સબમિટ કરવા માટે કહેવામાં આવતા ઈમેલ મળ્યા છે, જેમાં માર્કસ અને હાજરી પણ સામેલ છે.

## શંભુ બોર્ડર પર ભારે ધમાસાણ : પોલીસ અને કિસાનો વચ્ચે ઘર્ષણ : ઈન્ટરનેટ સેવા બંધ કરાઈ

નવી દિલ્હી તા.૧૪ પોતાની વિવિધ માંગણીઓ સાથે દિલ્હી કુચનું એલાન કરનાર વિવિધ ખેડુત સંગઠનો દ્વારા આજે ફરીએકવાર દિલ્હી કુચનો પ્રયાસ કરવામાં આવતા, હરીયાણાની શંભુ બોર્ડર પર ભારે ધમાસાણ મચી ગયું છે. આ લખાઈ રહ્યું છે ત્યારે પ્રાપ્ત અહેવાલો મુજબ કિસાનોને આગળ વધતા અટકાવવા પોલીસે બળપ્રયોગ કર્યો છે અને ટીયરગેસ, વોટર કેનનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. શંભુ બોર્ડર પર સ્થિતિ અત્યંત સ્ફોટક બની ગઈ છે. શંભુ બોર્ડર તેમજ અંબાલા ખાતે તાત્કાલીક અસરથી ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. જે ૧૭ ડીસેમ્બર સુધી ત્યાં ઈન્ટરનેટ બંધ રહેશે. અહેવાલો મુજબ શંભુ બોર્ડર પર કિસાનોને રોકી દેવામાં આવ્યા છે અને પોલીસ અને આંદોલનકારી ખેડુતો વચ્ચે ભારે ઘર્ષણ થઈ રહ્યું છે. ખેડુતો નેતાઓએ સરકાર પર એવો આક્ષેપ મુકયો છે કે, સરકાર ખેડુતો સાથે વાતચીત કરી રહી નથી.

આંદોલનકારી ખેડુતોએ આજે ત્રીજીવાર દિલ્હી કુચ કરવાનો પ્રયાસ કર્યો હતો. ખેડુતો અને પોલીસ વચ્ચે પણ ઘર્ષણની સ્થિતિ કયાં જઈને અટકશે તે કહેવું મુશ્કેલ છે. કિસાનો તેની માંગણીઓ પણ અડગ રહ્યા છે. શંભુ બોર્ડર પર લોખંડી સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને ખેડુતોને આગળ વધતા અટકાવવા માટે શકય તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## વેસ્ટર્ન ડીસ્ટર્બન્સના કારણે સમગ્ર રાજયમાં કાતિલ શીતલહેર

અમદાવાદ તા.૧૪ રાજ્યમાં હાલ ઉત્તર અને ઉત્તર પૂર્વ તરફથી ફૂંકાઈ રહેલા બર્ફીલા પવનોના કારણે લોકો દિવસે પણ ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન રાજ્યમાં સૌથી ઓછું ૬ ડિગ્રી તાપમાન નલિયામાં નોંધાયું છે. જ્યારે અમદાવાદ, રાજકોટ અને વડોદરામાં પણ તાપમાનનો પારો ગગડીને ૧૩ ડિગ્રી નીચે જતા લોકો તાપણાનો સહારો લેતા જોવા મળ્યા હતા. આ વર્ષે રાજ્યમાં નવેમ્બર માસ પૂર્ણ થઈ ગયા બાદ પણ જોઈએ તેવી ઠંડીનો અનુભવ થયો ન હતો. પરંતુ, ડીસેમ્બરની શરૂઆતથી જ રાજ્યમાં હાડ થીજાવતી ઠંડીનો રાઉન્ડ શરૂ થતા તેની જનજીવન પર અસર જોવા મળી રહી છે.

## ૯૭ વર્ષના એલ.કે. અડવાણીની તબીયત લથડી દિલ્હીની એપોલો હોસ્પિટલમાં દાખલ કરાયા



નવી દિલ્હી તા.૧૪ ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીને ગત મોડીરાત્રે દિલ્હીની અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ૯૭ વર્ષીય ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીની સારવાર ન્યુરોલોજી વિભાગના વરિષ્ઠ સલાહકાર ડો. વિનીત સૂરીની દેખરેખ હેઠળ કરવામાં આવી રહી છે. અગાઉ ૦૪ જુલાઈ ૨૦૨૪ના રોજ પણ અડવાણીને અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એના થોડા દિવસો પહેલાં તેમને ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS)માં લઈ જવામાં આવ્યા હતા. AIIMSમાં રાત રોકાયા બાદ તેમને રજા આપવામાં આવી હતી. કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં એવા પણ અહેવાલ છે કે તેમને રૂટિન ચેકઅપ માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે.


મકાન વેંચવાનું છે
જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે
:: કોન્ટેક ::
મો. ૯૯૦૧૨ ૭૨૯૯૫

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં જન્મદિવસ નિમિતે હાર્દિક શુભકામના...



Gajera Pathology Laboratory
Dr.G.K. Gajera
Ex. Prof. & Head - C.U. Shah Medical College, SURENDRANAGAR
Ex. Associates Professor - Govt. Medical College, BARODA
Ex. Assistant Professor - B.J. Medical College, AHMEDABAD
Ex. Lecturer in Pathology - Govt. Medical College, SURAT
VIKRAM COMMERCIAL COMPLEX, SARDAR BAUG ROAD, JUNAGADH-362001
Mo. : +91 98252 21122
drgkgajera@hotmail.com

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં જન્મદિવસ નિમિતે હાર્દિક શુભકામના...



એક શુભેચ્છક

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફલોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ


સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત 2870/-

હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત 5050/-

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. ૯૪૨૮૯ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

# ૧૪ ડિસેમ્બર રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ : ઊર્જાનું સંરક્ષણ એટલે માનવ-સૃષ્ટિનું સ્વરક્ષણ




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૪

આપણે રોજિંદા જીવનમાં ઘણા ઉર્જાના સ્ત્રોતનો ઉપયોગ કરીએ છીએ. જે માનવ જીવનની સામાન્ય જરૂરિયાત છે. વીજળી વગરનું જીવન શક્ય નથી પરંતુ, વધતી માંગને કારણે ભવિષ્યમાં તેની અછત સર્જાઈ શકે છે. જેથી ઊર્જા સંરક્ષણ દ્વારા ઊર્જાની બચત કરી શકાય છે. ઊર્જાનું સંરક્ષણ એટલે માનવ-સૃષ્ટિનું સ્વરક્ષણના ઉતમ ઉમદા ઉદ્દેશ્ય સાથે ઉજવીએ રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ. એનર્જીની સ્થાપના ૧૮૦૭ માં, થોમસ યંગ પ્રથમ વ્યક્તિ હતા જેમણે વેગ સ્ક્વેર દ્વારા ગુણાકાર કરેલા સમૂહના જથ્થા માટે 'ઊર્જા' શબ્દના આધુનિક અર્થનો ઉપયોગ કર્યો હતો. વિલિયમ થોમ્પસન, જેઓ પાછળથી લોર્ડ કેલ્વિન બન્યા હતા, તેમને ૧૮૪૯માં ગતિ ઊર્જાનો ખ્યાલ રજૂ કરવાનો શ્રેય આપવામાં આવે છે. એનર્જી શબ્દ પ્રાચીન ગ્રીક ઉપરથી આવ્યો છેઃ રોમનાઈઝ્ડઃ એનર્જિયા, લિટ. 'પ્રવૃત્તિ, કામગીરી', જે સંભવતઃ પૂર્વે ચોથી સદીમાં એરિસ્ટોટલના કાર્યમાં પ્રથમ વખત દેખાય છે. હોમી જે. ભાભાને ઘણીવાર 'ભારતીય પરમાણુ કાર્યક્રમના પિતા' તરીકે ઓળખવામાં આવે છે. તેઓ ટ્રોમ્બે ખાતે એટોમિક એનર્જી એસ્ટાબ્લિશમેન્ટના સ્થાપક સભ્યોમાંના એક હતા. બાદમાં તેમના માનમાં તેનું નામ ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર રાખવામાં આવ્યું. નિકોલા ટેસ્લા એક ગ્રાઉન્ડબ્રેકિંગ પ્રતિભા હતા જેમની શોધ અને વિચારો આધુનિક જીવનને ઊંડી અસર કરે છે. ટેસ્લાને તેની શોધોને કારણે ઘણીવાર "ઊર્જાનો પિતા" કહેવામાં આવે છે. રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસનો ઉદ્દેશ્ય ભારતમાં લોકોમાં ઉર્જા બચાવવાના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો છે. લોકોને કાર્યના નવા અભ્યાસક્રમો અને જે યોજનાઓ ઘડવામાં આવી રહી છે તેના વિશે પણ લૂપમાં રાખવામાં આવે છે. ઉર્જાનો કચરો ઓછો કરવા અને સંસાધનોના સંરક્ષણમાં જનતા તેમની ભૂમિકા કેવી રીતે કરી શકે તેની માહિતી આપવામાં આવે છે. અનિવાર્યપણે, દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય ઊર્જાનો ઉપયોગ ઘટાડવાનો અને લોકોને તેનો કાર્યક્ષમ ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવાનો છે. ભારત સરકાર દ્વારા આ માટે કેટલીક યોજનાઓ પણ ઘડવામાં આવી છે જેમ કે, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, સૂર્ય શક્તિ કિસાન યોજના, સૂર્ય કૂકર યોજના અને હવે પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજના. ઊર્જા સંરક્ષણ દિવસનો મુખ્ય હેતુ પુનઃ અપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોને બચાવવાનો છે. જે અંતર્ગત આ વર્ષે પણ ઉર્જા બચત કરવા માટે લોકોને પ્રેરવામાં આવ્યા છે. તેનાં માટે ઘણા પગલાં લઈ શકાય છે. કેન્દ્રીય ઉર્જા મંત્રાલય હેઠળ રચાયેલ, ઉર્જા કાર્યક્ષમતા બ્યુરો - મ્ઈઈ, ૧૯૯૧ થી વાર્ષિક ૧૪ ડિસેમ્બરે રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસની ઉજવણીનું નેતૃત્વ કરે છે. એક બંધારણીય સંસ્થા જે ભારત સરકાર હેઠળ આવે છે, બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી સહાય કરે છે. ઊર્જાના વધુ પડતા વપરાશને ઘટાડવા માટે વ્યૂહરચના અને નીતિઓના વિકાસ અને અમલીકરણમાં. કમિટીએ ૨૦૦૧માં 'ધ એનર્જી કન્ઝર્વેશન એક્ટ' પણ અમલમાં મૂક્યો હતો. આ દિવસ લોકોને ગ્લોબલ વોર્મિંગ અને આબોહવા પરિવર્તન વિશે જાગૃત કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે અને ઊર્જા સંસાધનોની બચત તરફના પ્રયત્નોને પ્રોત્સાહન આપે છે. ઉર્જા સંરક્ષણ દિવસ ઉર્જા કાર્યક્ષમતા અને સંરક્ષણના ક્ષેત્રોમાં દેશની સિદ્ધિઓને પણ પ્રકાશિત કરે છે. તેના જાગરૂકતા અભિયાનના ભાગરૂપે, ઊર્જા કાર્યક્ષમતામાં સિદ્ધિઓને ઓળખવા માટે દેશના ૫૬ પેટા ક્ષેત્રોમાં આ દિવસે વાર્ષિક પુરસ્કારોનું વિતરણ કરવામાં આવે છે. નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ પ્રોગ્રામ પાવર પ્લાન્ટ્સથી લઈને હોટેલ્સ અને શોપિંગ મોલ્સ સુધીના ઉદ્યોગો, સંસ્થાઓ અને સંસ્થાઓના પ્રયત્નોની પ્રશંસા કરે છે. ઊર્જા સંરક્ષણની થીમ પર કેન્દ્રિત રાષ્ટ્રીય ચિત્ર સ્પર્ધાના વિજેતાઓને મ્ઈઈ દ્વારા ઈનામ પણ આપવામાં આવે છે. ભારતના વિકાસના ક્ષેત્રો ખીલી રહ્યા છે, જેના કારણે ઊર્જાની માંગમાં વધારો થાય છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ભારતની સંસાધન જરૂરિયાતો વર્ષ ૨૦30 સુધીમાં બમણી થઈ જશે. BEE વ્યૂહરચના બનાવે છે અને નીતિઓ વિકસાવે છે જે ઊર્જાના ઉપયોગ માટે કાર્યક્ષમ પગલાં અપનાવવાની હિમાયત કરીને આ માંગને ઘટાડવામાં મદદ કરશે.

**તમારા લાઇટ બલ્બ બદલો**

હા, તમે તે સાચું વાંચ્યું છે ! ઉર્જા-કાર્યક્ષમ બલ્બ વધુ કિંમતી હોવા છતાં, તેમની કાર્યક્ષમતા અને લાંબા ગાળાનો ઉપયોગ તેમને લાંબા ગાળે ઓછા ખર્ચાળ બનાવે છે.

**ઉર્જા બચાવવાની સારી પદ્ધતિઓ વિશે બાળકને શિક્ષિત કરો**

બાળકો આપણું ભવિષ્ય છે અને ઉર્જા બચાવવાની સારી પદ્ધતિઓ વિશે તેમની સાથે વાત કરવા કરતાં તેમના ભવિષ્યને સુધારવાનો બીજો કયો રસ્તો છે ? ઘટાડો, પુનઃઉપયોગ, રિસાયકલ.

**ઉર્જા બચાવવાના વિકલ્પો**

પવન ઉર્જા, જીઓથરમલ એનર્જી, હાઈડ્રોપાવર, મહાસાગર ઊર્જા, બાયોએનર્જી.

**દૈનિક જીવનમાં ઉર્જા બચાવવાની શ્રેષ્ઠ રીતો**

જ્યારે ઉપયોગમાં ન હોય ત્યારે ઉપકરણો અને ઉપકરણોને બંધ કરવા માટે તમારા રોજિંદા વર્તનને સમાયોજિત કરો. ઓછી ઉર્જાનો વપરાશ કરતા ઉપકરણો અને ઉપકરણો ખરીદો.

**સ્માર્ટ પાવર સ્ટ્રીપ્સને અનુકૂલિત કરો :** શું તમે જાણો છો કે જ્યારે ઉપકરણો ઉપયોગમાં ન હોય ત્યારે પાવર અથવા ઊર્જાનો વપરાશ થાય છે. હા, ઉપકરણો આઉટલેટ્સમાંથી પાવર ખેંચે છે અને તેને ફેન્ટમ લોડ તરીકે ઓળખવામાં આવે છે. આ સ્માર્ટ પાવર સ્ટ્રીપ્સ ફેન્ટમ-લોડ ખર્ચમાં ઘટાડો કરવામાં અને ઊર્જા બચાવવામાં મદદ કરશે. રેફ્રિજરેટર્સ એ મુખ્ય ઉપકરણોમાંનું એક છે જે પાવર વાપરે છે. ઊર્જા બચાવવા માટે રેફ્રિજરેટરની સેટિંગ ઓછી રાખો. ઊર્જા બચાવવા માટે CFL અને LED બલ્બનો ઉપયોગ કરવો. નિયમિત અગ્નિથી પ્રકાશિત બલ્બ CFL અને LED કરતાં વધુ ઊર્જા વાપરે છે. ભલામણ મુજબ એર ફિલ્ટર સાફ કરો અથવા બદલો. એર કંડિશનર (AC) અને હીટર અન્ય ઉપકરણો કરતાં વધુ ઊર્જા વાપરે છે. એર ફિલ્ટરને સાફ કરવા અથવા બદલવાથી કાર્યક્ષમતામાં સુધારો થાય છે અને ઓછી ઉર્જાનો વપરાશ થાય છે. ડીશવોશર અને વોશિંગ મશીનને સંપૂર્ણ લોડમાં ચલાવો. દરેક રન સાયકલમાંથી સૌથી વધુ ઉર્જા-બચત ઉપયોગ મેળવવા માટે. ડેસ્કટોપ કોમ્પ્યુટરને બદલે લેપટોપનો ઉપયોગ કરવાથી ઉર્જાની નોંધપાત્ર બચત થઈ શકે છે. ગરમ પાણી બચાવવા અને પાવર બચાવવા માટે વોટર-સેવર શાવર હેડ ઈન્સ્ટોલ કરો. પરંપરાગત ઓવન પર ધીમા કૂકર, ટોસ્ટર ઓવન અથવા માઈક્રોવેવ ઓવનનો ઉપયોગ કરો. ઉપરાંત, સિરામિક અને કાચના બનેલા વાસણોનો ઉપયોગ કરો. સાયકલ ચલાવવી એ ઈંધણ બચાવવાનો શ્રેષ્ઠ માર્ગ છે. વાહન ચલાવવાને બદલે ચાલવાથી પણ ઉર્જા બચે છે.

**ઊર્જા સંરક્ષણના લાભો ઊર્જા સંરક્ષણ આમાં મદદ કરે છે**

ખર્ચ બચાવે છે અને તમારા ઉપયોગિતા બિલો ઘટાડે છે. અશ્મિભૂત ઈંધણના અસ્તિત્વને લંબાવે છે. પર્યાવરણનું રક્ષણ કરે છે. પ્રદૂષણ ઘટાડે છે. ભૌતિકશાસ્ત્રના ઈતિહાસમાં, ઊર્જાનો ઈતિહાસ કેન્દ્રીય વૈજ્ઞાનિક ખ્યાલ તરીકે ઊર્જાના ક્રમિક વિકાસની તપાસ કરે છે.

**શું મનુષ્ય ઊર્જાથી ભરપૂર છે**

પૃથ્વી ઉપરના તમામ માનવીઓ તેમના માત્ર અસ્તિત્વ દ્વારા દર સેકન્ડે ૬૫૦ ય્ન્ન થર્મલ ઉર્જા દ્વારા બ્રહ્માંડને ગરમ કરે છે- જોકે, ટેકનોલોજીના આધારે, માનવજાતનું કુલ ઉર્જા ઉત્પાદન ખરેખર ૨૫ ગણું વધારે છે. દરેક જીવંત કોષમાં લાખો મોલેક્યુલર મશીનો હોય છે. ઊર્જા સંરક્ષણમાં તમારી વર્તણૂકો અને આદતોને સમાયોજિત કરીને ઓછી ઊર્જાનો ઉપયોગ કરવાનો સમાવેશ થાય છે. બીજી બાજુ, ઊર્જા કાર્યક્ષમતા એ ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે જેને સમાન કાર્ય કરવા માટે ઓછી ઊર્જાની જરૂર પડે છે.

**ઊર્જાનો સંપૂર્ણ અર્થ શું છે**

ઊર્જા / en'?r-je / કાર્ય કરવાની ક્ષમતા અથવા શક્તિ, જેમ કે બળના ઉપયોગ દ્વારા પદાર્થ (આપેલ સમૂહની) ખસેડવાની ક્ષમતા. ઊર્જા વિવિધ સ્વરૂપોમાં અસ્તિત્વમાં હોઈ શકે છે, જેમ કે વિદ્યુત, યાંત્રિક, રાસાયણિક, થર્મલ અથવા પરમાણુ, અને તે એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં પરિવર્તિત થઈ શકે છે.

**૭ મુખ્ય ઊર્જા પ્રકારો શું છે**

૧. યાંત્રિક, ૨. ઈલેક્ટ્રિકલ, ૩. કેમિકલ, ૪. તેજસ્વી (પ્રકાશ), ૫. થર્મલ (ગરમી), ૬. અવાજ, ૭. પરમાણુ.

આપણે આપણા રોજિંદા જીવનમાં આ સ્વરૂપો વચ્ચે પરિવર્તનો જોઈએ છીએ તો, ચાલો સૌ ઉર્જા સંરક્ષણના ઉતમ વિકલ્પોના સર્વોતમ સંકલ્પ સાથે ઉજવીએ રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ.

## કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને યોજાયો "સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને વિકસિત ભારત પર આંતરરાષ્ટ્રીય પરિષદ"



### તમામ ધર્મના તત્વોનો સાર ભારતની ભૂમિમાં છે - કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂત

(પ્રતિનિધિ દ્વારા)

પાટણ તા.૧૪

કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને ઓડોટોરિયમ હોલ, ગોકુળ ગ્લોબલ યુનિવર્સિટી, સિદ્ધપુર ખાતે "સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને વિકસિત ભારત પર આંતરરાષ્ટ્રીય પરિષદ" સેમીનાર યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, ભારત દેશ પાસે ભવ્ય સંસ્કૃતિ અને ભવ્ય વારસો છે. બોલી, ભાષા અને સંસ્કૃતિ દ્વારા ભારતીય સંસ્કૃતિનું નિર્માણ થયું છે. તમામ ધર્મના તત્વોનો સાર ભારતની ભૂમિમાં છે. જેથી કોઈ દેશની પ્રગતિ વિષે જાણવું હોય તો તે દેશની સંસ્કૃતિ વિષે જાણો. કોઈપણ દેશની પ્રગતિનું મૂલ્યાંકન તે દેશની સંસ્કૃતિ દ્વારા થાય છે. ભારત દુનિયાનો એકમાત્ર દેશ છે જેની સંસ્કૃતિ હજારો વર્ષોથી ચાલી આવે છે. સંસ્કૃતિનું જતન કરવાની આપની સૌની ફરજ છે. વધુમાં તેમને જણાવ્યું હતું કે આપણે સૌ ભાગ્યશાળી છીએ, અહી સિધ્ધપુર મુકામે "માં સરસ્વતી" હરહમેશ આપણને આશીર્વાદ આપે છે. જેથી આવનાર સમયમાં સને ૨૦૪૭ સુધી, વિકસિત ભારતમાં આપના સૌના યોગદાનથી દેશ આત્મનિર્ભર બનશે. જેમાં ગોકુળ ગ્લોબલ યુનિવર્સિટીનું પણ યોગદાન રહેશે. કેબિનેટ મંત્રીએ વધુમાં જણાવતા કહ્યું હતું કે, ભારત પાસે ૬૫% યુવાનો છે. જેથી હું યુવાનોને અપીલ કરૂ છું કે તેઓ પોતાની શક્તિનો ઉપયોગ દેશના વિકાસ માટે કરજો. આ પ્રસંગે કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂત, ડો. નિશા પાંડે ઉપરાંત ગોકુળ ગ્લોબલ યુનિવર્સિટીની શૈક્ષણિક ફેકલ્ટી ઉપરાંત બહોળી સંખ્યામાં શ્રોતાગણ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ સિનિયર સિટીઝનોને જલારામ બાપાની પ્રસાદી રૂપે વિનામૂલ્યે ધાબળા વિતરણ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

દાતા મીનાબેન લાલચેતા નાનીમા બન્યા તેની દીકરીને ત્યાં પુત્ર જન્મ થતાં બધા જલારામ ભક્તોને મગ, લાપસી, ભાત તથા ખમણનું ફુલ ભોજન પીરસવામાં આવ્યું હતું. તેમજ ચંદ્રકાન્તભાઈ સવાણી - અમદાવાદ તરફથી દરેક ભક્તોને વીનામુલ્યે ધાબળા આપવામાં આવ્યા હતા. ઉપરોક્ત કાર્યક્રમમાં ચેતનાબેન મિશ્રાણી તથા કનકબેન રૂપારેલીયાએ હાજરી આપી હતી. ચેતનાબેનએ દરેક જલારામ ભક્તોના આશીર્વાદ લીધા હતા. પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દર ગુરૂવારના રોજ ૧૭ વર્ષથી આ માનવતાવાદી પ્રવૃત્તિઓ અવિરત ચાલુ છે. કૃષ્ણ શેરી, હવેલી ગલી ખાતે ઠંડીની શરૂઆતમાં જ અન્નદાન તથા વસ્ત્રદાનનો કાર્યક્રમ યોજાયો હતો.

## ખંભાળિયામાં રેડક્રોસ સંસ્થા દ્વારા વિનામૂલ્યે આંખની તપાસ તેમજ ચશ્મા વિતરણ કેમ્પ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ઉપક્રમે તાજેતરમાં અત્રે જલારામ મંદિર ખાતે નેત્ર કેમ્પ તથા ચશ્મા વિતરણના કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રેડક્રોસ સંસ્થાના ચેરમેને અજયભાઈ પટેલના વિઝન હેઠળ ખંભાળિયાની ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા વિનામૂલ્યે આંખના નંબર ચેક કરી, ચશ્મા વિતરણ કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં ડો. હિમાંશુભાઈ તેમજ તેમની ટીમ દ્વારા આંખની તપાસ કરવામાં કરવામાં આવી હતી. જેમાં કુલ ૪૬૦ જેટલા લાભાર્થીઓની આંખની તપાસ કરી, ૪૩૬ જરૂરિયાતમંદ લોકોને વિનામૂલ્યે ચશ્મા પણ આપવામાં આવ્યા હતા. આ કેમ્પને સફળ બનાવવા દેવભૂમિ દ્વારકા જિલ્લા ઈન્ડિયન રેડક્રોસ સંસ્થાના ચેરમેન કિરીટભાઈ મજીઠીયા, પ્રોજેક્ટ ચેરમેન શૈલેષભાઈ કાનાણી, ધિરેનભાઈ મોટાણી, કરણભાઈ પંચમતિયા, સંજયભાઈ બરછા, ચેતનભાઈ સુરેલિયા, કૌશિકભાઈ બારાઈ સહીતના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો
ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
મો.૯૮૭૯૩ ૭૬૦૨૮

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
• પાણીપુરી • ભેળ • સમોસા રગડો
• મસાલાપુરી • દાબેલી • રગડા પેટીસ
• દહીપુરી • દિલ્હી ચાટ • બાસ્કેટ ચાટ
• સેવપુરી • લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૮૯૮૭૫ ૫૭૬૨૧


કાર વેચવાની છે
ડેડસન રેડીગો સારી કન્ડીશનમાં
મો.૮૦૦૦૫૬૭૧૨૭

રોયલ ગેસ સ્ટવ
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G. ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા
દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં
વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
રોયલ ગેસ સ્ટવ
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

બેકરી શો-રૂમમાં કામ કરી શકે તેવા અનુભવી માણસોની જરૂર છે
બહુ જ સારો પગાર મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨



# માંગરોળ વોર્ડ નંબર ૯ ની આંગણવાડીના મેદાનમાં રખડતા ઢોર અને કૂતરાઓ અડંગો જમાવી બેઠા છે

## ત્રણ વર્ષની બાળકી અને પિતા પર ગાયએ હુમલો કરતા ઈજાગ્રસ્ત





(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા. ૧૪

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે વોર્ડ નંબર નવની આંબેડકર ભવનમાં ચાલતી આંગણવાડીએ પોતાની ત્રણ વર્ષની બાળકીને મુકવા જતા ત્યાં ગાયએ પિતા-પૂત્રી પર હુમલો કરતા ગંભીર રીતે ઘાયલ થયા હતા. બાળકીને માથામાં જ્યારે પિતાને પગમાં ગંભીર ઈજાઓ થઈ હતી.

આ બાબતની જાણવા મળતી વિગતો એવી છે કે માંગરોળના વોર્ડ નંબર નવની એકમાત્ર આંગણવાડી જલારામ મંદિરના પાછળના ભાગે આવેલ આંબેડકર ભવનમાં ચાલી રહી છે. પરંતુ આ આંગણવાડી કમ ઢોરનો તબેલો હોય તેવું ફલિત થાય છે. આંગણવાડીના ડેલામા કુતરાઓ અને રખડતા ઢોરો અડંગો જમાવીને બેઠા હોય છે. જે આંગણવાડીમાં આવતા નાના નાના ભૂલકાઓ માટે ખતરો બની જાય છે.

આજરોજ શીફા હોસ્પિટલ બિલ્લી બાગમાથી એક પિતા એમની ત્રણ વર્ષની બાળકીને આંગણવાડીએ મુકવા આવતા કંપાઉન્ડના ડેલા પર બેઠેલ ગાયએ તેઓની પાછળ દોડ મુકી હતી. પિતા એમની દીકરીને લઈને જાન બચાવી દોડવા જતા દિવાલમાં અથડાઈ પડી ગયા હતા. પાછળથી યમરાજ બનીને દોડી આવતી ગાયએ તેઓને બે ત્રણ ઢીકો ચડાવી પિતા-પૂત્રીને ઈજાગ્રસ્ત કરી દીધા હતા. પિતા પૂત્રી બંને ચીસાચીસ કરી મૂકતા લોકોએ ગાયને મારી ભગાવી તેઓને મોતની ચૂંગલમાથી છોડાવ્યા હતા. પિતાને પગમાં અને નાની બાળકીને માથામાં ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વધુ સારવાર માટે કેશોદ રીફર કરવામાં આવ્યા છે. જો સમયસર લોકો દોડી ના આવત તો કોઈનો જીવ પણ જોખમાઈ જાત..! અને જો કોઈ જાનહાનિ થાત તો તેનું જવાબદાર કોણ ગણાતપ?

આંગણવાડીના મેદાનમાં ઢોરના ત્રાસ બાબતે ઘણી રજૂઆત કરવામાં આવી હોવાનું પણ જાણવા મળે છે. પરંતુ કોઈ તકેદારી લેવામાં આવી નથી. બીજી બાજુ શીફા હોસ્પિટલ વિસ્તારમાં આંગણવાડી ચાલું કરવા ઘણી માંગણીઓ પર કરવામાં આવી છે છતા યેનકેન પ્રકારે કોઈ માંગણી પૂરી કરવામાં આવતી નથી. આખરે રાહદારીઓ અને નાના બાળકો માટે દિવસેને દિવસે જાન નું જોખમ બનતા જતા રખડતા ઢોરોથી ક્યારે મુકતી મળશે..? શહેરમાં વધતા જતા ઢોરના ત્રાસ માટે પાલિકા તંત્રની કથળેલી સફાઈ વ્યવસ્થા પણ જવાબદાર છે.

# ગીર સોમનાથ જિલ્લામાં 'સાંસ' કેમ્પેઈનનો પ્રારંભ કરાવતા જીલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા

## ન્યૂમોનિયાને કારણે થતા બાળ મૃત્યુ અટકાવવાનો અભિયાનનો હેતુ

ગીર સોમનાથ, તા.૧૪

વહેલી તકે ન્યૂમોનિયાના લક્ષણો ઓળખીને સારવાર આપવાથી બાળમૃત્યુ દર અટકાવી શકાય છે. ''સાંસ''કેમ્પેઇનનો મુખ્ય ઉદ્દેશ ન્યૂમોનિયા દ્વારા બાળમૃત્યુ દર અટકાવવાનો છે.''સાંસ'' કેમ્પેઈન અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા આરોગ્ય વિભાગ અને પ્લાન ઈન્ડિયા દ્વારા અમલિત સેલ્ફ-કેર ફોર ન્યૂમોમ્સ એન્ડ કિડ્સ અંડર-૫ પ્રોજેક્ટ સાથે મળી આ અભિયાનને વેગ આપવામાં આવ્યો છે. આ ઝૂંબેશના ભાગરૂપે પ્રાંત કચેરી વેરાવળ ખાતે જિલ્લા કલેકટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાના વરદ્હસ્તે માતાઓ અને બાળકો માટે''સાંસ'' કેમ્પેઈનના આઈ.ઈ.સીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ કેમ્પેઈન અંતર્ગત ન્યૂમોનિયાથી બચવા માટે શું ધ્યાન રાખવુ જોઈએ? ન્યૂમોનિયા થાય તો પ્રાથમિક સારવાર કેવી રીતે મેળવવી જોઈએ? ન્યૂમોનિયાના લક્ષણો શું છે? વગેરે જેવી મહત્વપૂર્ણ માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવશે. આઈ.ઈ.સી અંતર્ગત ગીર સોમનાથની ૧૦૦૦ આશા બહેનોને પેમ્ફલેટ વિતરણ કરવામાં આવશે તેમજ ઘરે-ઘરે જઈને હેલ્થ ફેસીલિટીના માધ્યમથી લાભાર્થીને જરૂરી માહિતી મળી રહેશે. આ પ્રસંગે નિવાસી અધિક કલેકટર શ્રી રાજેશ આલ, પ્રાંત અધિકારી શ્રી વિનોદ જોષી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. પરમજીત બરૂઆ, જિલ્લા ક્વોલિટી એશ્યુરન્સ મેડિકલ ઓફિસર ડો. કણસાગરા, પ્લાન ઈન્ડિયાના સ્ટેટ મેનેજર ડૉ. ચંદ્રદીપ રોય તથા બ્લોક ઓફિસર દેવ ચારિયા ઉપસ્થિત રહ્યાં હતાં.



# વેરાવળ બંદરની હદમાં આવતા તમામ પુલ પરથી મધ્યમ તથા ભારે વાહનોના પસાર થવા પર પ્રતિબંધ

## ગીર સોમનાથ જીલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

ગીર સોમનાથ, તા.૧૪

વેરાવળ બંદરની હદમાં આવતા તમામ પુલ પરથી મધ્યમ તથા ભારે વાહન (મીડિયમ તથા હેવી ગુડ્ઝ વ્હીકલ) વ્યવહાર પસાર કરવા પર પ્રતિબંધ મૂકવાનું જાહેરનામું જિલ્લા કલેકટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. વેરાવળ શહેર વિસ્તારમાં સોમનાથ-વેરાવળ રેલવે લાઈન અને વેરાવળ-જૂનાગઢ રેલવે લાઈન ખાતે રેલવે ઓવરબ્રીજની કામગીરી કરવા માટે આ રૂટ પરનો ટ્રાફિક વૈકલ્પિક રૂટ વેરાવળ બંદર રોડ અને હરસિદ્ધિ સોસાયટીમાંથી ડાયવર્ટ કરવા અંગેનું જાહેરનામું ૩૧/૧૨/૨૦૨૪ સુધી બહાર પાડવામાં આવેલું છે.

પરંતુ, વેરાવળ બંદરની હદમાં આવેલ રોડ પરના તમામ પુલ ખૂબ જ જર્જરીત હાલતમાં હોવાથી ભવિષ્યમાં અકસ્માતની દુર્ઘટના ન બને તે માટે તેમજ બંદર વિસ્તારમાં આવેલ આ તમામ પુલ રિપેર થઈ શકે તેવી પરિસ્થિતિમાં ન હોવાથી મોટી દુર્ઘટના તથા જાનહાની ટાળવા માટે આ તમામ પુલ પરથી પસાર થતો વાહન વ્યવહાર પ્રતિબંધિત કરવા ભલામણ કરવામાં આવી છે.

જેથી કલેકટરશ્રી દ્વારા વેરાવળ બંદરની હદ વિસ્તારમાં આવેલ તમામ પુલ પરથી મધ્યમ તથા ભારે વાહનો (મીડીયમ તથા હેવી ગુડઝ વ્હીકલ) પસાર કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ જાહેરનામું તા.૧૧/૦૬/ ૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર થશે.

## રાજ્ય વેરા નિરિક્ષક માટે ભરતી પરીક્ષા લેવાશે

અમદાવાદ તા.૧૪

રાજ્ય વેરા નિરિક્ષકની ભરતી માટેની તારીખની જાહેરાત આજે કરવામાં આવી છે. આયોગ ના. ચેરમેન હસમુખ પટેલે આ પરીક્ષાના આયોજન અંગે માહિતી આપી હતી. આગામી ૨૨ ડિસેમ્બરે આ પરીક્ષા યોજાશે. પરીક્ષાનો સમય બપોરે ૧૧ થી ૧ નો રાખવામાં આવ્યો છે. આ વખતે પેપર ફૂટે નહી તે માટે ઉમેદવારને બાજુના જિલ્લામાં પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવ્યા છે.

# દિવ્યાંગ ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા દ્વિતીય સ્નેહમિલન સમારોહ યોજાયો



અમદાવાદ તા. ૧૪

દિવ્યાંગ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા અમદાવાદના નીલકંઠ પાર્ટી પ્લોટમાં તારીખ ૦૮/૧૨/૨૦૨૪ ને રવિવારે સાંજે સ્નેહમિલન સમારોહ તથા ગરબા મહોત્સવ યોજાયો હતો. જેમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે સમાજ સેવક તરીકે જાણીતા દિવ્યાંગ કપીલ ચૌહાણ (સહાયકશ્રી જિલ્લા સમાજ સુરક્ષા કચેરી પાલનપુર) તથા બકુલભાઈ પરમાર ( શિક્ષક શ્રી પ્રાથમિક શાળા ખોડલા.પાલનપુર) તથા મુખ્ય ભોજનના દાતાશ્રી રામદેવ ભજન મંડળ તથા બીજ મંડળ ના રમેશભાઈ પટેલ તથા સાથી ટીમ તથા કનુભાઈ પટેલ નીલકંઠ પાર્ટી પ્લોટના દાતા તથા વિષ્ણુભાઈ પટેલ જીયા હાર્ડવેર રોકડ રકમના દાતા શ્રી ઘનશ્યામભાઈ મોદી ચાણસ્મા ગિફટના દાતાશ્રી તથા મિતેશભાઈ પટેલ ગિફટના દાતાશ્રી અને અશોકભાઈ મોદી ભૂમિ ગોલ્ડ પેલેસ નિકોલ તથા રાજુભાઈ પટેલ રોકડ રકમના દાતા શ્રી તથા રસિકભાઈ પટેલ કેલેન્ડરના દાતા શ્રી કાંતિભાઈ ભુવાજી બેગના દાતા શ્રી રમેશભાઈ રબારી (દ્વારકેશ સ્ટૂડિયો વિડિઓ ગ્રાફિક) ના દાતા શ્રી ભગાજી ઠાકોર વગેરે અતિથી મહેમાનો તથા ડી.જે ના સહયોગી સંજય રાણા અને ચીરાગ દરજી ડીજે ના દાતા તથા દ્વારકેશ સ્ટૂડિયો ચેહોરભાઈ વિપુલભાઈ ઉઘરોજ ફોટોગ્રાફીના દાતાશ્રીઓ તથા જૂદી જૂદી સંસ્થાના દિવ્યાંગ પ્રતિનિધીઓ હાજર રહ્યા હતા તથા જે.જી બાપુ ક્ષત્રીય સેના ટીમ વડનગર ઉપસ્થિત રહ્યા હતા તથા ડો.હિના પટેલ તથા સાથી ડોકટરો ની ટીમ (મેડિકલ ચેકઅપ કેમ્પ) સંસ્થાના દિવ્યાંગ મિત્રો એ બહોળી સંખ્યામાં હાજરી આપી અને કાર્યક્રમ સુંદર બનાવ્યો હતો. જેમા દિવ્યાંગ ફાઉન્ડેશનની ટીમ મેનેજમેન્ટમાં મુખ્ય પ્રમુખ શ્રી જગદીશભાઈ રાઠોડ તથા મંત્રી મુકેશકુમાર પટેલ અને ઉપપ્રમુખ જયેશભાઈ મકવાણા તથા ખજાનચી શ્રી પ્રવિણચંદ્ર મોઢ તથા કમિટી મેમ્બર દરજી અંકિતા તથા રાઠોડ પદમાબેન તથા પટેલ રંજનબેન તથા મોઢ પીકીબેન તથા રાઠોડ જાનવી તમામ ટ્રસ્ટીઓ ના સાથ સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો હતો અને આગળ પણ આવા સુંદર કાર્યક્રમ કરતા રહીશું એની ખાત્રી આપી છે.

# વેરાવળ તાલુકાનાં બીજ ગામે સામાજિક ઓડિટ અંતર્ગત ગ્રામ સભા યોજાઈ



ગીર સોમનાથ, તા.૧૪

વેરાવળ તાલુકાના બીજ ગામે સામાજિક ઓડિટ અંતર્ગત ગ્રામ સભા યોજાઈ હતી. આ ગ્રામસભામાં જિલ્લા સામાજિક ઓડિટર દ્વારા સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભ અંગેની માહિતી આપવામાં આવી હતી. ગ્રામ સભામાં તલાટી શ્રી સોનલબહેન દ્વારા ગ્રામજનોના પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન કરવામાં આવ્યું હતું તેમજ દ્વજીઈઁ અંતર્ગતના લાભો અંગેની માહિતીનો પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો હતો. જિલ્લા સામાજિક ઓડિટર દ્વારા વિવિધ યોજનાઓની તપાસ અંગેનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભ અંગેની માહિતી આપવામાં આવી હતી. આ ગ્રામસભામાં જિલ્લા સામાજિક ઓડિટર ગોવિંદભાઈ સોલંકી, તલાટી શ્રી સોનલબેન, સરપંચશ્રી, ઉપસરપંચશ્રી, શાળાના આચાર્ય નિમાવતભાઈ, જી.આર.એસ લક્ષ્મણભાઈ બારડ તેમજ આગેવાનો, શાળાનો સ્ટાફ અને આંગણવાડી વર્કરો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઈશ્વરનું ધ્યાન કરો ત્યારે બોલશો નહીં, જીભથી ન બોલે, પણ મનથી ઘણા બોલે છે, મનથી ન બોલે તે ઉત્તમ મૌન

સંસારએ દાવાગ્નિ છે.ચારેબાજુથી તે જીવને બાળે છે. દુ:ખનો પાર નથી. દરેકને દુ:ખરૂપી અગ્નિ બાળે છે,ત્યારે ગોપ બાળકો અને વ્રજ વાસીઓની જેમ આંખ બંધ રાખવી અને ભગવાનના નામનું ચિંતન કરવું.આ સંસારરૂપી દાવાનળ-દાવાગ્નિ બાળવા આવે ત્યારે આંખો બંધ રાખી ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન ધરો. ભગવાનના નામનો જપ કરતાં તેમાં તન્મયતા થાય એટલે સંસારનો દાવાગ્નિ દૂર થાય.

પ્રલંબાસુર નામે એક રાક્ષસ હતો. પ્રલંબાસુર એટલે અંત:કરણની લાંબી લાંબી વાસનાઓ.આ વાસનાઓને લીધે જીવ-ઈશ્વરનું મિલન થતું નથી.પ્રભુએ આ પ્રલંબાસુરને હણ્યો છે. એમ કરતાં સોહામણી શરદ ઋતુ આવી. શ્રીકૃષ્ણ ગાયોને ચારતાં વાંસળી વગાડવા લાગ્યા. ગોપીઓ આ વાંસળી સાંભળે છે.

વાંસળી એ નાદબ્રહ્મની ઉપાસના છે.વાંસળી જ્યાં સુધી ન સંભળાય ત્યાં સુધી શ્રીકૃષ્ણનાં દર્શન થતાં નથી. શ્રીકૃષ્ણ દર્શન માટે વેણુનાદ સંભળાવો જોઈએ. વેણુ નાદ એટલે નાદબ્રહ્મ. નાદબ્રહ્મ આગળ બીજા બધા આનંદ તુચ્છ છે.ગોપીઓને દૂર દર્શન અને દૂર શ્રવણએ બે સિદ્ધિ ઓ પ્રાપ્ત થઈ હતી. એટલે ગોપી ઓ ઘરમાં રહી શ્રીકૃષ્ણની વેણુ સાંભળે છે અને શ્રીકૃષ્ણની લીલા પણ જોઈ શકે છે.

વેણુના નાદ વિશે ગોપીઓ અંદર અંદર વાતો કરે છે એને વેણુગીત કહે છે.ભક્તિભાવની પરાકાષ્ઠાનું આ ગીત વિશ્વમાં અજોડ છે. ગોપીઓ અંદર અંદર વાતો કરે છે કે,હે સખી,આંખો વાળાના જીવન ની અને આંખોની સફળતા શું? જ્યારે શ્યામસુંદર શ્રીકૃષ્ણ અને ગૌરસુંદર બલરામ ગોપ બાળકો ની સાથે ગાયોને હાંકી વનમાં લઈ જતા હોય કે,વનમાં આવતા હોય અને શ્રીકૃષ્ણે પોતાના હોઠ પર મુરલી ધારણ કરી હોય અને પ્રેમ થી વાંકી નજર કરી આપણી સામે જોતા હોય,એ નેત્રોની સફળતાછે બાકી બધું ધૂળ!આવા શ્રીકૃષ્ણનાં જેણે દર્શન કર્યાં છે તેઓને જ આંખનું ફળ પ્રાપ્ત થયું છે, તે સિવાય નેત્રોનું ફળ બીજું કાંઈ ન હોઈ શકે!

હે સખી! કનૈયો વાંસળી વગાડે છે. તું સાંભળ. આ વાંસળી નથી. એ શ્રીકૃષ્ણની પટરાણી કે અલી સખી તને શું કહું?મેં સાંભળ્યું છે કે, જ્યારે શ્રીકૃષ્ણ જમવા બેસે ત્યારે પણ વાંસળી કેડમાં ખોસી રાખે છે. રાત્રે શ્રીકૃષ્ણ સૂએ છે, ત્યારે પણ પથારીમાં વાંસળીને સાથે રાખીને સૂએ છે.આ વાંસળી એમની પટરાણી છે.

પ્રભુનો અધર ઓષ્ઠએ વાંસળીનો તકિયો છે.હાથ એ ગાદી છે. આંખો તે દાસીઓ છે. પાંપણો તે પાંખો છે.નાકની વાળી તે છત્ર છે. આ વાંસળી પરમાત્મા સાથે પરણી છે, તેથી તેને પરમાત્માનો નિત્યસંયોગ પ્રાપ્ત થયો છે.આ વાંસળી એ જાણે પૂર્વજન્મમાં એવી તે શું તપશ્ચર્યા કરી છે કે, આ જન્મે તે શ્રીકૃષ્ણના અધરા મૃતનું નિત્ય પાન કરે છે.

એક ગોપીએ વાંસળીને જ પૂછી નાખ્યું,હેં અલી, તેં આવું શું પુણ્ય કર્યું કે ભગવાને તને અપનાવી?

વાંસળી કહે,મેં 'બહુ તપશ્ચર્યા કરી છે! મારું હૈયું પોલું છે.હું પેટમાં કંઈ જ રાખતી નથી!વાંસળી પેટમાં કંઈ રાખતી નથી, તેથી તે ભગવાન શ્રીકૃષ્ણની પ્રિય બની છે માટે વેરઝેરનો હૃદયમાં સંગ્રહ કરશો નહીં.જે વાંસળી જેવા બને છે તે ભગવાનને ગમે છે.

વાંસળી કહે છે,મારામાં એક-બે નહીં,ઘણા ગુણો છે.મેં ઘણું સહન કર્યું છે.મારા ઉપર છ ઋતુઓના માર પડ્યા છે. લોકોએ મને કોતરી પણ હું બોલી નહીં. વાંસળી કહે છે, મારા ધણીને જે બોલાવવું હોય તે હું બોલું છું.મારા ધણીને જે સૂર કાઢવો હોય તે કાઢે મારા પોતાના સૂર જેવું મેં કંઈ રાખ્યું જ નથી અને ધણીના સૂરને હું મારા સૂર તરીકે પ્રગટ કરું છું. વળી ધણીની આજ્ઞા કે ઈચ્છા વિના હું કદી બોલતી નથી. તેથી હું બોલું છું ત્યારે સાંભળનારો ડોલે છે,નાગ પણ ડોલે છે અને કસ્તૂરીમૃગ પણ ડોલે છે.નાગ દુર્જન,કસ્તૂરી મૃગ સજ્જન, સજ્જન દુર્જનને બેઉને આનંદ થાય તેવું મધુર હું બોલું છું

વાંસળીએ ખૂબ સહન કર્યું છે એટલે ભગવાનની સન્મુખ થઈ છે એટલે સમજીને જે દુ:ખ સહન કરે તેનું પાપ બળે છે. નિશ્ચય કરો કે, મારે મધુર બોલવું છે. કોઈનું દિલ દુભાય તેવું બોલશો જ નહીં, કારણ કે લાકડીનો માર ભૂલાય છે પણ શબ્દનો માર ભૂલાતો નથી. વાંસળીમાં એક એવો ગુણ છે કે, તે જ્યારે એકલી હોય,ત્યારે બોલતી નથી.તમે ઈશ્વરનું ધ્યાન કરો ત્યારે બોલશો નહીં.જીભથી ન બોલે,પણ મનથી ઘણા બોલે છે. મનથી ન બોલે તે ઉત્તમ મૌન. એક સખી બોલી, અલી સખી, તું જો તો ખરી,આ વાંસળીનો અવાજ સાંભળી આ વૃક્ષોમાંથી મધની ધારાઓ વહે છે.

કનૈયો વાંસળી વગાડે છે તેથી વૃક્ષોને પણ આનંદ થાય છે. એમની ન્યાતની દીકરી પરમાત્મા ની સાથે પરણી છે તેનો એ આનંદ છે!એ આનંદમાં વૃક્ષો અશ્રુવહાવે છે.આનો બીજોપણ અર્થ કેટલાક સંતો કરે છે.તેઓ કહે છે કે,વૃક્ષો નાં આંસુએ દુ:ખનાં આંસુ છે. વૃક્ષોએ વિચાર્યું કે,વાંસનું મુખ્ય કામ ઘરને છાજવાનું છે.એ પરોપકારનું કામ મૂકીને વાંસળીએ તો ઘણા લોકોનાં ઘરને ઉજ્જડ કરવાનું શરૂ કર્યું છે.કારણ કે લાલાની વાંસળી જેના કાન ઉપર પડી તેને પછી ઘર ગમતું નથી. આમ વિચારી વૃક્ષો શોકનાં આંસુ વહાવે છે.


તો વળી બીજા મહાત્મા કહે છે કે, વાંસ તો ડૂબતાને બચાવે છે, તારે છે.ત્યારે આ વાંસળી તો બધાને આનંદ રસમાં ડૂબાડે છે, તેથી વૃક્ષો દુ:ખી થઈને રડે છે.

એક ગોપી બોલી, અલી સખી, તું જો તો ખરી, મારો કનૈયો વાંસળી વગાડે છે ત્યારે હરિણીઓ પાગલ થઈ દોડતી આવે છે. જો તો ખરી, કનૈયા ભણી જોતાં એમની આંખ ની પાંપણો પણ હાલતી નથી! ગોપીઓની દૃષ્ટિ કેવી સૂક્ષ્મ છે! હરિણીઓની પાંપણો હાલતી નથી.તે ઘરમાંથી જુએ છે. હરિણીઓ એકલી નથી,પણ તેમના પતિઓ પણ સાથે છે. તેથી ગોપી કહે છે, અલી સખી, મારા મનની એક ખાસ વાત તને કહું છું. આ હરિણીઓને તેમના પતિ અનુકૂળ છે, ત્યારે મારા પતિ મને પ્રભુસેવામાં પ્રતિકૂળ છે.મારા કરતાં વૃંદાવનની આ હરિણીઓ વધારે ભાગ્યશાળી છે!હરિણીઓ લાલાની પૂજા કરવા માગે છે.પાસે કોઈ નથી,પણ પોતાની આંખ રૂપી કમળોથી તેઓ લાલાની પૂજા કરે છે.

પતિને પરમાત્મા પાસે લઈ જાય, સત્સંગમાં લઈ જાય તે હરિણી સાચી.એટલે તે પત્ની સાચી.પતિ ને પરમાત્માના માર્ગે વાળે,પતિના હાથે સત્કર્મ કરાવે તે જ પત્ની છે.પતિને કેવળ ભોગ વિલાસમાં ફસાવે તે પત્ની પતિની શત્રુ છે. એક ધ્વનિ એવો પણ નીકળે છે કે, શ્રીકૃષ્ણસેવામાં હરિણીઓના પતિ હરિણીઓને સાથ આપે છે, ત્યારે ગોપીઓના પતિ એમને સાથ આપતા નથી.ઊલટું,એમની શ્રી કૃષ્ણ સેવામાં,શ્રીકૃષ્ણ કીર્તન માં કોઈવાર વિઘ્ન કરે છે.

વળી એક ગોપી બોલી,અરે સખી શું કહું? બંસીનાદ સાંભળી ગાયો ઘાસ ખાવાનું છોડી દે છે અને પોતાના કાનરૂપી પડિયા દ્વારા બંસોના મધુર નાદનું પાન કરે છે. ભગવાનની પ્રેમથી બંસીનો નાદ સાંભળી ગાયો આનંદ ભરપૂર થઈ આંખમાંથી પ્રેમાશ્રુઓ પાડે છે અને મોઢામાંનો ઘાસનો કોળિયો ચાવવાનું ભૂલી જાય છે. અરે,વાછરડાં ધાવવાનું છોડી દે છે

અરે સખી,મારો કનૈયો જ્યારે વાંસળી વગાડે છે ત્યારે વૃંદાવન માં પક્ષીઓ કાંઈ અવાજ કરતાં નથી.મોટા મોટા ઋષિઓ પક્ષીઓ થઈ વૃંદાવનમાં આવ્યા છે.લીલા નિકુંજમાં તેઓ રાધે કૃષ્ણ,રાધે કૃષ્ણ બોલતા ફરેછે.ઘણાંપક્ષીઓ તો તરસ લાગે તો પણ કોઈ રાધે કૃષ્ણ બોલે ત્યારે જ પાણી પીવા જાય છે.અરે સખી કેટલાંક પક્ષી ઓ તો એવાં છેકે, તે વૃક્ષ પરથી નીચે ઊતરતાં નથી. જમુનાજીનું જળપાન કરવા પણ જતાં નથી. જળપાન કરવા જઈએ તેટલો સમય શ્રીકૃષ્ણનો વિરહ થાય એ એમનાથી ખમાતું નથી. ધન્ય છે એ પક્ષીઓને! તે વખતે યશોદામા ત્યાં આવે છે.તે કહે છે કે,હું રોજ કહું છું કે કનૈયા જોડા પહેરીને વનમાં જા, છતાં તે જોડા પહેરતો નથી.ત્યારે એક ગોપી બોલી,મા, તમે ચિંતા કરશો નહીં. કનૈયાનો એક મિત્ર એવો છે જે કનૈયાને માથે છત્રી રાખી ચાલે છે.



અરે સખી, એવો તે એનો કોણ મિત્ર છે? ગોપીઓ કહે છે,આ મેઘરાજ શ્રીકૃષ્ણનો ખાસ મિત્ર છે. કનૈયો જ્યાં જાય ત્યાં છાયા કરે છે.પણ ધરતી ઉપર ચાલવાનું એટલે તેને કષ્ટ થતું હશે ને?ના,ના,ગિરિરાજ મહારાજ માખણ જેવા કોમળ થાય છે. કનૈયાનાં ચરણ સ્પર્શથીગિરિરાજ કોમળ બને છે.ગિરિરાજ કનૈયાની સેવા કરે,પણ ગાયોની, વૈષ્ણવોની પણ સેવા કરે છે, તેથી શ્રીકૃષ્ણને તો બહુ પ્રિય લાગે છે. ઠાકોરજીની સેવા કરેએ વૈષ્ણવો ની સેવા કરે.એ મહા વૈષ્ણવ છે. પરમાત્માનાં ચરણનો સ્પર્શ થાય છે,તેથી ગિરિ રાજને રોમાંચ થાય છે.મા, ગિરિરાજ ઉપર ખાડા પડે છે એ ખાડા પૂરવાની દવા પણ કનૈયા પાસે છે. કનૈયો એવી વાંસળી વગાડે છે કે,તેના આનંદ માં ગિરિરાજ ફૂલી જાય છે એટલે ખાડા પૂરાઈ જાય છે.

એક સખી બોલી,અલી સખી,તું જો તો ખરી.આ કનૈયો હવે કદંબ ના વૃક્ષ ઉપર ચડીને ગાયોને બોલાવે છે. વાંસળીમાંથી એક એક ગાયનું નામ લે છે. હે ગંગે, હે ગોદાવરી, હે યમુને!જે ગાયનું નામ લે તે ગાય દોડતી આવે છે. અરે સખી,તું જો તો ખરી,આ ગાયો હુંભ હુંભ કરતી કદંબના વૃક્ષને ઘેરીને ઊભી છે અને મારા લાલા ની સુંદર ઝાંખી કરે છે. કેવું મનોહર દશ્ય છે!અલી સખી,મારી એક ખાનગી વાત તને કહું,લાલા ની આ પ્રમાણે હું ઝાંખી કરું છું ત્યારે હું બાવરી બની પ્રવેશમળશે હજુ લોકલજ્જાનું, દેહાધ્યાસનું તેને સૂક્ષ્મ ભાન છે. દેહાધ્યાસ જશે ત્યારે રાસલીલા માં પ્રવેશ મળશે. દેહાધ્યાસ જાય છે ત્યારે ગોપી પ્રાપ્ત થાય છે. શ્રીકૃષ્ણ ગાયોને બોલાવે છે,ત્યારે નદીઓ ને ભ્રાંતિ થાય છે કે, કનૈયો અમને બોલાવે છે,પણ બિચારી જઈ શકતી નથી.તેથી પોતાના તરંગ રૂપી હાથમાં કમળ-પુષ્પો લઈ જે દિશામાં વેણુનાદ આવે છે,તે દિશા માં ફેંકે છે અને ભગવાનનું સ્વાગત કરે છે. આમ જડ અને ચેતન સર્વ બંસીનાદથી મોહિત થાય છે.

– યશપાલસિંહ ટી. વાઘેલા,
દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર, થરા

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# જ્ઞાનના દરવાજા ખોલવાની પહેલ

કેન્દ્રીય મંત્રીમંડળે ગત દિવસોમાં દેશભરના વિદ્યાર્થીઓને વિદ્વાનોના શોધ લેખો અને જર્નલ પ્રકાશન સુધી આસન પહોંચ પ્રદાન કરવાના ઉદ્દેશ્યથી વન નેશન-વન સબ્સક્રિપ્શન (ઓએનઓએસ) નામની એક નવી યોજનાને મંજૂરી આપી. આ યોજનાના માધ્યમથી દેશના લગભગ ૧.૮ કરોડ વિદ્યાર્થી, શિક્ષક અને શોધકર્તા વિશ્વ સ્તર પર પ્રકાશિત થઈ રહેલા ૧૩,૦૦૦ થી વધુ ઈ-જર્નલ સુધી આસાન પહોંચ હાંસલ કરી શકશે. ઓએનઓએસ યોજના માત્ર મોટા મહાનગરો પૂરતી જ નથી, પરંતુ ટિયર-૨ અને ટિયર-૩ શહેરોમાં રહેતા વિદ્યાર્થીઓ, શોધકર્તાઓ અને શિક્ષકોને પણ વૈશ્વિક સ્તર પર સર્જિત થઈ રહેલા જ્ઞાનનો લાભ ઉઠાવવાનો અવસર પ્રદાન કરશે. વાસ્તવમાં વૈજ્ઞાનિક અને શૈક્ષણિક પ્રગતિ ત્યારે જ પ્રાપ્ત કરી શકાય, જ્યારે વૈશ્વિક જ્ઞાન સુધી પહોંચ સુલભ થાય. સંશોધન અને વિકાસ જ આપણા બધા માટે બહેતર જીવનનાં દ્વાર ખોલે છે. ભારત છેલ્લા કેટલાક વર્ષોમાં શ્રમ આધારિત અર્થવ્યવસ્થાને કૌશલ આધારિત અર્થવ્યવસ્થામાં બદલવાનું કામ કરી રહ્યું છે. ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ પોતાના સ્વતંત્રતા દિવસ સંબોધન દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતની પ્રગતિમાં સંશોધન અને વિકાસની મહત્ત્વપૂર્ણ ભૂમિકા વિશે વાત કરી હતી અને જય જવાન-જય કિસાન-જય વિજ્ઞાન બાદ 'જય અનુસંધાન' ઉમેર્યું હતું. સરકારની આ પહેલ ગુણવત્તાપૂર્ણ ઉચ્ચ શિક્ષણ અને શોધ સુધી શહેરી અને સાથે જ ગ્રામીણ ક્ષેત્રના યુવાઓની પહોંચને આસાન બનાવશે. આ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, વિકસિત ભારત અને નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનના લ-યોને અનુરૂપ છે, જે ભારતીય શિક્ષણ જગત અને યુવા સશક્તીકરણ માટે ગેમ ચેન્જર સાબિત થશે. આ યોજનાનું લ-ય એ સંસ્થાઓ માટે શોધ પત્રિકાઓ સુધી પહોંચનો વિસ્તાર કરવાનો છે, જેની પાસે પર્યાપ્ત સંસાધનોની ઉણપ છે. આ પ્લેટફોર્મ પહેલી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ શરૂ થવાનું છે. આ મંચ પર એલ્સેવિયર સાયન્સ ડાયરેક્ટ (લાન્સેટ સહિત), સ્પ્રિંગર નેચર, વિલી બ્લેકવેલ પબ્લિશિંગ, ટેલર એન્ડ ફ્રાન્સિસ, આઈઈઈઈ, સેજ પબ્લિશિંગ, અમેરિકન કેમિકલ સોસાયટી, અમેરિકન મેથેમેટિકલ સોસાયટી, ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ અને બીએમજે જર્નલ્સ સહિત ૩૦ આંતરરાષ્ટ્રીય પ્રકાશકો દ્વારા પ્રકાશિત ૧૩૦૦૦ પત્રિકાઓ ઉપલબ્ધ હશે. હાલમાં વિભિન્ન મંત્રાલયો અંતર્ગત દસ અલગ-અલગ પુસ્તકાલય સંઘ છે, જે પોતાના પ્રશાસનિક દાયરામાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે પત્રિકાઓ સુધી પહોંચ પ્રદાન કરે છે. અલગ-અલગ સંસ્થાઓ અલગ-અલગ પત્રિકાઓની સદસ્યતા લે છે. વૈજ્ઞાનિક પત્રિકાઓની સદસ્યતા બહુ મોંઘી હોય છે. ઓએનઓએસ શરૂ થવાથી તે બહુ સસ્તી થઈ જશે. એક જ મંચ પર તમામ પત્રિકાઓ ઉપલબ્ધ થવાથી શોધાર્થીઓએ બધે ભટકવું નહીં પડે. શોધ અંતદૃષ્ટિ ડેટાબેઝ સ્કિવલ અનુસાર ૨૦૧૭ અને ૨૦૨૨ વચ્ચે ભારતના શોધ પ્રકાશનમાં ૫૪ ટકાનો વધારો થયો, જે વૈશ્વિક સરેરાશ (૨૨ ટકા)ના બે ગણાથી પણ વધારે છે. ભારત શોધ પત્રિકાઓના પ્રકાશનમાં ચોથું સ્થાન (૧૩ લાખ અકાદમિક પેપર) રાખે છે, જે ચીન (૪૫ લાખ), અમેરિકા (૪૪ લાખ) અને બ્રિટન (૧૪ લાખ)ના ઠીક બાદ છે, પરંતુ જ્યારે ઉત્પાદિત શોધના પ્રભાવની વાત આવે છે. સરકારી થિંક ટેન્ક નીતિ આયોગ અને ઈન્સ્ટિટ્યૂટ ફોર કોમ્પિટિટિવનેસ દ્વારા કરવામાં આવેલ એક અધ્યયન અનુસાર ભારતનું સંશોધન અને વિકાસ પર આ ખર્ચ દુનિયામાં સૌથી ઓછો છે. દેશની નવાચાર સફળતામાં એક બીજી અડચણ સંશોધન અને વિકાસ કર્મીઓની ઓછી સંખ્યા છે. યુનેસ્કો ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્ટેટેસ્ટિક્સ અનુસાર દર દસ લાખ આબાદી પર માત્ર ૨૫૩ વિજ્ઞાની કે શોધકર્તા છે, જે વિકસિત રાષ્ટ્રોની તુલનામાં ઘણા ઓછા છે. ખાનગી ક્ષેત્રનું યોગદાન સંશોધન અને વિકાસ પર સકલ ખર્ચના ૪૦ ટકાથી ઓછા છે, જ્યારે ઉન્નત દેશોમાં તે ૭૦ ટકાથી વધારે છે. દુનિયામાં સંશોધન અને વિકાસ પર ખર્ચ કરવા મામલે શીર્ષ ૨૫૦૦ કંપનીઓની યાદીમાં માત્ર ૨૬ ભારતીય કંપનીઓ છે. જ્યારે ચીની કંપનીઓની સંખ્યા ૩૦૧ છે.

આ અંતરને પ્રાથમિકતાના ધોરણે ઘટાડવાની જરૂર છે. ચીનનો મુકાબલો કરવા માટે તેની પાસે શીખવું ખોટું નથી. ઈઝરાયલ પાસે પણ શીખવું જોઈએ, જેણે એ દેખાડી દીધું છે કે એક નાનકડો દેશ હોવા છતાં સંશોધન અને વિકાસમાં રોકાણને પ્રાથમિકતા આપીને સતત વિકાસ હાંસલ કરી શકાય છે. ભારતમાં ખાનગી કંપનીઓ વેચાણ અને વિતરણમાં રોકાણ કરે છે અને સંશોધન તથા વિકાસમાં પૂરતું રોકાણ નથી કરતી. આ જ કારણ છે કે ભારતીય બ્રાન્ડ નવાચાર નથી કરી રહી, જેને કારણે ભારતીય નિર્માતા વિશ્વ સ્તર પર અનુકરણીય ઉત્પાદન નથી બનાવી રહ્યા અને વિશ્વ બજારમાં ચીનનો સામનો નથી કરી શકતા. હવે સમય આવી ગયો છે કે મેક ઈન ઈન્ડિયા માટે સંશોધન અને વિકાસ પર ફરીથી ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે. ભારત પાસે નવાચારના વૈશ્વિક ચાલક બનવા માટે જરૂરી તમામ સામગ્રીઓ, એક મજબૂત બજાર ક્ષમતા, અસાધારણ પ્રતિભાવાન આબાદી અને મિતવ્યયી નવાચારની એક સંપન્ન સંસ્કૃતિ છે. જરૂર છે માત્ર કાચી પ્રતિભાઓની ખાણને યોગ્ય માર્ગદર્શનની. વાસ્તવમાં એક મજબૂત અર્થવ્યવસ્થા હોવા માટે દેશ પાસે દીર્ઘકાલીન અને સાર્થક સ્તર પર જ્ઞાન પ્રણાલીની જરૂર છે, જે અર્થવ્યવસ્થાને શક્તિ પ્રદાન કરે છે. જેટલી બૌદ્ધિક સંપદા સર્જિત થશે એટલા જ મોટા પાયે રોજગારો પણ સર્જિત થશે.

# રાજકોટ જિલ્લા પંચાયતના નવા ભવનના નિર્માણનું મુખ્યમંત્રીના વરદહસ્તે ખાતમુહૂર્ત કરાયું





### રૂ. ૩૬ કરોડના ખર્ચે ૧૪ હજાર ચો. મી.માં 'સ્ટેટ ઓફ ઘ આર્ટ' અત્યાધુનિક સુવિધાસભર : જિલ્લા પંચાયત કચેરી નિર્માણ પામશે

(પ્રતિનિધી દ્વારા)

રાજકોટ તા.૧૪

રાજકોટ જિલ્લા પંચાયતના નવા ભવનનું ખાતમુહૂર્ત પણ મુખ્યમંત્રીના હસ્તે ભૂમિપુજન તેમજ તકતી અનાવરણ કરવા સાથે કરવામાં આવ્યું. હાલ હયાત જિલ્લા પંચાયત કેમ્પસમાં જૂની કચેરીના સ્થાને જિલ્લા પંચાયત કચેરીના અત્યાધુનિક સુવિધાઓ સાથેના આ નવા ભવનના નિર્માણ કાર્યનો પ્રારંભ કેબિનેટ મંત્રી સર્વે કુંવરજીભાઈ બાવળીયા, ભાનુબેન બાબરીયા, રાઘવજીભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ મતી પ્રવિણાબેન રંગાણી, સાંસદ તેમજ ધારાસભ્યઓની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.

ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રાજકોટ ખાતે રૂ. ૩૬.૧૭ કરોડના ખર્ચે ૧૪ હજાર ચો.મી. બાંધકામમાં વિવિધ કચેરીઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. સમગ્ર ગુજરાતમાં બીજા ક્રમનું સ્ટેટ ઓફ ધ આર્ટ એવું નવું ભવન ચાર માળનું બનશે. કેમ્પસમાં સીસી રોડ, ફાયર ફાઈટિંગ સિસ્ટમ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ, આરોગ્ય વિભાગનો સ્ટોર, કેન્ટીન, અંડર ગ્રાઉન્ડ અને ઓવર હેડ વોટર ટેંક, ટેરેસમાં ચાઈનામોજેક વોટરપ્રૂફિંગ, વિટરીફાઈડ ટાઈલ્સ ફ્લોરિંગ સહિત અધ્યતન ભવન નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવશે.

આ તકે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને સખી મંડળની બહેનો દ્વારા તૈયાર કરાયેલ મોમેન્ટો તેમજ જિલ્લા પંચાયતની પ્રતિકૃતિ ભેટ આપવામાં આવી હતી.

આ પ્રસંગે સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્યો સર્વે ડો. દર્શિતાબેન શાહ, ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, જયેશભાઈ રાદડિયા, મહેન્દ્રભાઈ પાડલીયા, દુર્લભજીભાઈ દેથરીયા, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, ઉપપ્રમુખ રાજુભાઈ ડાંગર, અગ્રણીઓ સર્વે ડો. ભરતભાઈ બોઘરા, અલ્પેશભાઈ ઢોલરીયા, કારોબારી સમિતિના ચેરમેન પી.જી. કયાડા, વિવિધ સમિતિઓના પદાધિકારીઓ તેમજ તાલુકા પંચાયતના પ્રમુખઓ, કલેકટર પ્રભવ જોશી, જીલ્લા વિકાસ અધિકારી ડો.નવનાથ ગવ્હાણે સહિત વરિષ્ઠ અધિકારીઓ, પદાધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અંદાજિત રૂ. ૧૫૦ કરોડના ખર્ચે નિર્માણ થનારી, વિશ્વકક્ષાની આંતરમાળખાકીય સુવિધાથી સુસજ્જ શિતુલ મંજુ પટેલ હોસ્પિટલનો શિલાન્યાસ કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

૨ માળની આ હોસ્પિટલમાં ૨૫૦ બેડની સુવિધા : જેમાં ગેસ્ટ્રોલોજી, નેફ્રોલોજી, યુરોલોજી, ન્યુરોલોજી, કાર્ડિયોલોજી, ઓક્રોલોજી, પલ્મોનોલોજી વિભાગોમાં આંતરરાષ્ટ્રીય સ્તરની સારવાર કિફાયતી દરે પુરી પાડવામાં આવશે

રાજકોટ ખાતે અંદાજિત રૂ. ૧૫૦ કરોડના ખર્ચે નિર્માણ થનારી વિશ્વકક્ષાની આંતરમાળખાકીય સુવિધાથી સુસજ્જ શિતુલ મંજુ પટેલ હોસ્પિટલનો મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

આ તકે મુખ્યમંત્રીને પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી આવકારવામાં આવ્યા હતા. ત્યારબાદ મુખ્યમંત્રીના હસ્તે મંત્રોચ્ચાર સાથે હોસ્પિટલની શિલાન્યાસ વિધિ કરવામાં આવી હતી. ૧૨ માળની આ હોસ્પિટલમાં ૨૫૦ બેડની સુવિધા ઉપલબ્ધ થશે. જેમાં ગેસ્ટ્રોલોજી, નેફ્રોલોજી, યુરોલોજી, ન્યુરોલોજી, કાર્ડિયોલોજી, ઓક્રોલોજી, પલ્મોનોલોજી વિભાગોમાં આંતરરાષ્ટ્રીય સ્તરની સારવાર કિફાયતી દરે પુરી પાડવામાં આવશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ રાજ્ય સરકારનો કૃતજ્ઞતાપૂર્વક આભાર માનતા બી.ટી.સવાણી હોસ્પિટલના ચેરમેન જયંતિભાઈ ફળદુએ જણાવ્યું હતું કે, સરકારની આયુષ્માન યોજના લોકો માટે વરદાનરૂપ બની રહી છે. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડો. વિવેક જોશીએ નિર્માણાધિન શિતુલ મંજુ પટેલ હોસ્પિટલ અંગેની વિગતો ઉપસ્થિત સર્વેને પુરી પાડી હતી.


ઉલ્લેખનીય છે કે, ભવિષ્યમાં આ હોસ્પિટલ ખાતેથી કિડની, લીવર, હૃદય, ફેફસાં, બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ કરી શકાશે. આ માટે ૧૨ એડવાન્સ પ્રકારના અત્યાધુનિક ઓપરેશન થિયેટર કોમ્પ્લેક્સ કે જેમાં, રોબોટીકસ સર્જરીની સુવિધા અને સારવાર રાહત દરે પુરી પાડવામાં આવશે. વિવિધ પ્રકારની ઓપીડી માટે લગભગ ૩૦ જેટલા કન્સલ્ટિંગ રૂમ અને વેઈટિંગ માટે વિશાળ જગ્યાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. સંપૂર્ણ કેમ્પસ ગ્રીન અને સસ્ટેઈનેબલ બની રહે તે માટે સોલાર સિસ્ટમ પણ ઈન્સ્ટોલ કરવામાં આવશે અને પાંચ માળના પાર્કીંગની સુવિધા પણ ઊભી કરવામાં આવશે.

આ તકે મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, મંત્રી મતિ ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય સર્વે રમેશભાઈ ટીલાળા, ડો. દર્શિતાબેન શાહ, ઉદયભાઈ કાનગડ, દુર્લભજીભાઈ દેથરીયા, અગ્રણીઓ સર્વે ડો. ભરત બોઘરા, મૌલેશભાઈ ઉકાણી, કલેકટર પ્રભવ જોશી, હોસ્પિટલના ટ્રસ્ટીઓ, સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટના સદભાવના વૃદ્ધાશ્રમની મુલાકાત લેતાં મુખ્યમંત્રી







### સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા પથારીવશ માવતરોને આપવામાં આવતી સુવિધાઓ તથા અનન્ય સેવા બદલ મુખ્યમંત્રીએ પ્રસન્નતા વ્યક્ત કરી

(પ્રતિનિધી દ્વારા)

રાજકોટ તા.૧૪

રાજકોટ ખાતે વિવિધ કાર્યક્રમોના શિલાન્યાસ - ખાતમુહૂર્ત - લોકાર્પણ પ્રસંગે પધારેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સદભાવના વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા પથારીવશ માવતરોને આપવામાં આવતી સુવિધાઓ તથા અનન્ય સેવા બદલ મુખ્યમંત્રી શ્રીએ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

આ તકે સંસ્થાના સંચાલક શ્રી વિજયભાઈ ડોબરીયા તથા ટ્રસ્ટીશ્રીઓએ પુષ્પગુચ્છ સાથે મુખ્યમંત્રીશ્રીને આવકાર્યા હતા. સદભાવના વૃદ્ધાશ્રમ વતી સંસ્થાના સંરક્ષક અને માર્ગદર્શક પ.પૂ. ડો. પરમાત્માનંદ સરસ્વતીજીએ મુખ્યમંત્રીશ્રીને આર્શીવચન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ આશ્રમની કામગીરી અને વ્યવસ્થા નિહાળી નિવાસી વૃદ્ધો સાથે મુલાકાત કરી તેમના ખબર-અંતર પૂછ્યા હતા. નિવાસી વડીલોએ મુખ્યમંત્રીશ્રી સમક્ષ સદભાવના આશ્રમ ખાતે પારિવારિક વાતાવરણ અને હૂંફ સાથે તમામ સુવિધાઓ મળતી હોવાનો સંતોષ રાજીપા સાથે વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે સદભાવના વૃદ્ધાશ્રમના પ્રમુખ શ્રી વિજયભાઈ ડોબરીયા અને મિતલ ખેતાણી દ્વારા સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા કરવામાં આવતી કામગીરી તેમજ ભાવિ આયોજન અંગે મુખ્યમંત્રીશ્રીને માહિતગાર કર્યા હતા. સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓએ મુખ્યમંત્રીશ્રીને મોમેન્ટો અને શાલ ભેટ કરી આવકાર્યા હતા. સંસ્થાના નિવાસી વડીલો પ્રત્યે સંવેદના દાખવતા મુખ્યમંત્રીશ્રી તેઓના રૂમમાં જઈ મળ્યા હતા ત્યારબાદ સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, દાતાઓ અને કાર્યકર્તાઓ સાથે બપોરનું ભોજન-પ્રસાદ ગ્રહણ કર્યું હતું.

આ મુલાકાત વેળાએ મંત્રી શ્રીમતિ ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય સર્વે શ્રી રમેશભાઈ ટીલાળા, ડો. દર્શિતાબેન શાહ, શ્રી ઉદયભાઈ કાનગડ અગ્રણીશ્રીઓ સર્વે શ્રી રાજુભાઈ ધ્રુવ, શ્રી મિત્તલભાઈ ખેતાણી, જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોશી, ડેપ્યુટી કલેકટરશ્રી પ્રિયંક ગલચર સહિત સંબધિત વિભાગનાં અધિકારીઓ સદભાવના વૃદ્ધાશ્રમના અન્ય ટ્રસ્ટીશ્રીઓ અને કર્મચારીગણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા દસ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૬૫૦ જેટલા માવતરો નિવાસ કરી રહ્યા છે. જેમાં ૨૦૦ જેટલા વડીલો સાવ પથારીવશ છે. હાલ સંસ્થા દ્વારા ૩૦ એકર જગ્યામાં, ૫૦૦૦ નિઃસંતાન, નિરાધાર વડીલોને આજીવન સમાવી શકાય તેવું વિશ્વનું સૌથી મોટું ૧૪૦૦ રૂમયુક્ત નવું પરિસર રૂ.૩૦૦ કરોડનાં માતબર ખર્ચે રામપર, જામનગર રોડ, રાજકોટ ખાતે બની રહ્યું છે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા સમગ્ર ભારતમાં ૧૫૧ કરોડ વૃક્ષો વાવીને તેનો ૦૪ વર્ષ સુધી ઉછેર કરવાનો સંકલ્પ પણ કરવામાં આવ્યો છે તેમજ સંસ્થા દ્વારા બળદ આશ્રમ, શ્વાન આશ્રમ તેમજ રાહત દરે મેડીકલ સ્ટોર, નિઃશુલ્ક પશુ દવાખાનું, પાંજરાપોળ, પડતર કિંમતની નર્સરી પણ ચલાવવામાં આવે છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે ન્યૂ જર્સીના લેફ્ટનન્ટ ગવર્નર તાહેશા વેની



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાત ન્યૂ જર્સીના લેફ્ટનન્ટ ગવર્નર તાહેશા વેનીએ તેમના પ્રતિનિધિ મંડળ સાથે ગાંધીનગરમાં લીધી હતી. તેમણે ન્યૂ જર્સીમાં અંદાજે સવા ચાર લાખ જેટલા ભારતીયો-ગુજરાતી સમુદાયો વસવાટ કરે છે અને એન્વાયરમેન્ટ, ઈનોવેશન, ટ્રેડ-કોમર્સમાં ઉલ્લેખનીય યોગદાન આપે છે તેનાથી તેઓ પ્રભાવિત થયા હોવાનો આનંદ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં કહ્યું કે, ભારતીયો અને ગુજરાતી પરિવારો જ્યાં વસતા હોય તે પ્રદેશના વિકાસ માટે હંમેશા સમર્પિત થઈને કાર્યરત રહે છે. મુખ્યમંત્રી સાથેની આ સૌજન્ય મુલાકાત બેઠકની ફળદાયી ચર્ચાઓમાં ન્યૂ જર્સીના લેફ્ટનન્ટ ગવર્નરએ ન્યૂ જર્સી ગુજરાત વચ્ચે જે સિસ્ટર સ્ટેટ એગ્રીમેન્ટ થયા છે તેને આગળ ધપાવવા ઉત્સુકતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, આના પરિણામે બે સ્ટેટ વચ્ચેનો સંબંધ સુદ્રઢ અને સંગીન થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર ન્યૂ જર્સી ગુજરાત વચ્ચે સાંસ્કૃતિક, આર્થિક અને ઔદ્યોગિક ક્ષેત્રે આદાન-પ્રદાન વધુ સંગીન બનાવવાની નેમ વ્યક્ત કરી હતી. તેમણે ઉમેર્યું કે, ન્યૂ જર્સીના આ ક્ષેત્રના લોકો ગુજરાત સાથે સંપર્ક સેતુ જાળવી શકે તે માટે ઈન્ડેક્ષ્ટ-બી નોડલ કોન્ટેક્ટ પોઈન્ટ તરીકે કાર્ય કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતે ગ્રીન હાઈડ્રોજન, રિન્યુએબલ એનર્જી, ઓફ શોર વિન્ડ એનર્જી, ફિનટેક અને ઈનોવેશનમાં જે અગ્રેસરતા હાંસલ કરી છે તેની વિગતો ન્યૂ જર્સીના લેફ્ટનન્ટ ગવર્નરશ્રીને આપી હતી. ન્યૂ જર્સીના લેફ્ટનન્ટ ગવર્નરે ગુજરાત સાથે આ બધા સેક્ટર્સમાં સહયોગ અને રોકાણોની સંભાવનાઓ અંગે ચર્ચા પરામર્શ કર્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ન્યૂ જર્સીના લેફ્ટનન્ટ ગવર્નર બંનેએ પીપલ ટુ પીપલ કનેક્ટને વધુ સંગીન બનાવવાની તત્પરતા દર્શાવતા એરીયા ઓફ મ્યુચ્યુઅલ ઈન્ટરેસ્ટ આઈડેન્ટીફાય કરવાની હિમાયત કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લેફ્ટનન્ટ ગવર્નરને સ્ટેચ્યુ ઓફ યુનિટીની વિઝિટનો તેમની આગામી મુલાકાતમાં અવશ્ય સમાવેશ કરવાનું આમંત્રણ પણ પાઠવ્યું હતું. મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસે ગુજરાતે ગિફ્ટ સિટીને ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ હબ તરીકે વિકસાવ્યું છે તથા બેંક ઓફ અમેરિકા સહિતની પ્રતિષ્ઠિત ફિનટેક કંપનીઓની ત્યાં પ્રેઝન્સ છે તેનાથી લેફ્ટનન્ટ ગવર્નરને માહિતગાર કર્યા હતા. મુખ્યમંત્રીએ લેફ્ટનન્ટ ગવર્નરને ગુજરાતની નારીશક્તિ દ્વારા નિર્મિત હસ્તકલા કારીગરીની પ્રતિકૃતિ સ્મૃતિભેટ રૂપે અર્પણ કરી હતી. આ મુલાકાત વેળાએ ઈન્ડેક્ષ્ટ-બીના એમડી કુલદીપ આર્ય, ચીફ પ્રોટોકલ ઓફિસર જ્વલંત ત્રિવેદી પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

# દ્વારકામાં સતત વધતા યાત્રિકોના આવાગમનને અનુલક્ષીને હાપા-મુંબઈ (દુરોન્તો) એક્સપ્રેસ ટ્રેન દ્વારકા સુધી લંબાવવા રેલવે સલાહકાર સમિતિના સદસ્ય વિજય બુજડ દ્વારા રજુઆત

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૪

રેલવેતંત્ર દ્વારા યાત્રિકોની સુખાકારી માટે યાત્રાધામ દ્વારકાને અન્ય યાત્રાધામ સાથે જોડતી ટ્રેનોની સુવિધા બહોળા પ્રમાણમાં ફાળવવામાં આવેલ છે. જેના કારણે દ્વારકા તીર્થક્ષેત્રમાં બહોળી સંખ્યામાં યાત્રિકોની અવર-જવર રહે છે. સતત ટ્રાફીકને કારણે ટ્રેનોનું બુકીંગ કાયમી ધોરણે હાઉસફુલ રહે છે. ત્યારે હાપાથી ઉપડતી હાપ-મુંબઈ ટ્રેનને દ્વારકા અથવા ઓખા સુધી લંબાવવા શહેર ભાજપ પ્રમુખ તથા દ્વારકા રેલવે સલાહકાર સમિતિના સદસ્ય વિજય બુજડે રાષ્ટ્રીય રેલમંત્રી અશ્વિની વૈષ્ણવ, સાંસદ પૂનમબેન માડમ તથા પશ્ચિમ રેલવે ડીવીઝનલ મેનેજર રાજકોટને લેખિત રજુઆત કરેલ છે. રજુઆતમાં જણાવેલ છે કે હાપા-મુંબઈ સેન્ટ્રલ વચ્ચે ચાલતી (દુરોન્તો) એક્સપ્રેસ ટ્રેન નં.૧૨૨૬૮ જે હાપાથી રાત્રિના ૮-૦૫ કલાકે ઉપડે છે જે બીજા દિવસે મુંબઈ સવારે ૮-૦૦ કલાકે પહોંચે છે અને મુંબઈથી રાત્રિના ૧૧-૦૦ કલાકે ઉપડી હાપા સવારે ૧૦-૪૦ કલાકે પહોંચે છે. બાદમાં આશરે ૯-૨૦ કલાક સુધી આ ટ્રેન હાપા સ્ટેશને ફાજલ પડી રહે છે. જો આ ટ્રેનને દ્વારકા અથવા ઓખા સુધી લંબાવવામાં આવે તો રેલવેતંત્રને આર્થિક ફાયદો પણ થાય અને સાથે સાથે દ્વારકાથી મુંબઈ જતા યાત્રિકો તથા સ્થાનીકોને પણ મુંબઈ સુધી જવાની વધુ એક ટ્રેનની સુવિધા ઉપલબ્ધ થાય તેમ છે. તેથી ટ્રેન લંબાવવા સત્વરે નિર્ણય લેવા રજુઆતમાં જણાવેલ છે. નોંધનીય બાબત છે કે આગામી દિવસોમાં નાતાલના મીની વેકેશન દરમ્યાન



તીર્થભૂમિ દ્વારકામાં બહોળી સંખ્યામાં પર્યટકોનું આગમન થશે ત્યારે સદરહું ટ્રેન બાબતે તાત્કાલિક અસરથી નિર્ણય લેવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અનીતિ તથા પ્રમાદથી સમૃધ્ધિ નાશ પામે છે...

- ઋગ્વેદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.ખોરદાદ-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક સુદ-૧૧ પ્રબોધિની એકાદશી, દેવઉઠી એકાદશી, પંઢરપુર યાત્રા, પંચક તા.૧૨ નવેમ્બર ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૯, પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્ર, હર્ષણ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૦૪, સૂ.અ.૬:૦૭

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યવસાયિક સંબંધિત કાર્યમાં પ્રગતિ થાય. સ્વમાન ભંગનો યોગ છે.
વૃષભ:માનસિક ચિંતા અનુભવાય. કાર્યભારમાં વધારો થાય.
મિથુન:આવક-જાવક સરભર રહે. હિતશત્રુઓને પીછેહટ કરવી પડે.
કર્ક: અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.
સિંહ: ધંધા-નોકરીને લગતા કાર્યમાં લાભ થાય. આકસ્મીક પ્રવાસ-મુસાફરી થાય.
કન્યા : ધંધા-નોકરીને લગતા કાર્યમાં સાવધાની રાખવી. ગેરસમજના ભોગ ન બની જવાય તે જોજો.
તુલા: આર્થિક વ્યવહારમાં સંભાળવો. અગત્યના કાર્યમાં સફળતા મળે.
વૃશ્ચિક:નવિન શુભ સમાચાર મળે. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.
ધન: નવિન કાર્યમાં સફળતા મળે. નજીકના સંબંધીથી લાભ થાય.
મકર: આર્થિક મુંઝવણમાં વધારો થાય. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું.
કુંભ: વડીલવર્ગકે ઉચ્ચ અધિકારીથી લાભ થાય. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય.
મીન: ગૃહવિવાદ ન થાય તે જોજો. ભાગીદાર સાથે મનદુઃખ થાય.

### રાજ્યમાં ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવાના આશયે સરકાર દ્વારા લેવાયો નિર્ણય

# રાજ્યના ધો.૧૦ તથા ૧૨ના નાપાસ થયેલ બે લાખથી વધુ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપી શકશે

## નાપાસ તથા ઓછા ગુણ ધરાવતા વિદ્યાર્થીઓને પરીક્ષા આપી પરિણામ સુધારવાની તક

ગાંધીનગર, તા.૧૪

વર્ષ-૨૦૨૪માં રાજ્યના ધોરણ-૧૦માં નાપાસ થયેલા અંદાજિત કુલ ૧.૨૮ લાખથી વધુ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨માં વિજ્ઞાન પ્રવાહના ૨૬ હજારથી વધુ તેમજ સામાન્ય પ્રવાહના ૫૬ હજારથી વધુ વિદ્યાર્થીઓ મળીને કુલ ૨.૧૧ લાખથી વધુ નાપાસ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપી પોતાનો પરિણામ સુધારી શકશે તે માટે સરકાર દ્વારા નિર્ણય લેવાયો છે. રાજ્યમાં કોઈ પણ બાળક પોતાના ઓછા પરિણામના કારણે શિક્ષા અધુરી ન છોડે તે હેતુથી શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર અને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાના નેતૃત્વમાં વિદ્યાર્થીઓ માટે હિતલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ ૧૦અને ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ- ૧૨ તમામ પ્રવાહના ઉમેદવારોને તમામ વિષયોની બોર્ડ નક્કી કરે તે માસમાં યોજાનારી પૂરક પરીક્ષા આપી પરિણામ સુધારવાની તક મળી શકશે, એટલે કે, આ વર્ષે નાપાસ થયેલ બે લાખથી વધુ વિદ્યાર્થીઓનો વધુ એક તક મળશે. આ પરીક્ષા બાદ ઉમેદવારે મેળવેલ મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષાના પરિણામમાંથી જે પરિણામ શ્રેષ્ઠ (Best of Two) હશે તે પરિણામ માન્ય-ગ્રાહ્ય રાખવામાં આવશે, આ ઉપરાંત કોઈ વિદ્યાર્થીનો પરીક્ષામાં સારા પરિણામ આવ્યા છતાંય બીજી વાર પૂરક પરીક્ષા આપવા ઈચ્છે અને જો તેનો પરિણામ ઓછો આવે તો પણ તેના બે પરિણામોમાંથી વધુ પરિણામની માર્કશીટ આપવામાં આવશે, તેમજ કોઈ પણ વિદ્યાર્થીએ જે તે વર્ષની મુખ્ય પરીક્ષા આપી ન હોય તો તે ઉમેદવાર પૂરક પરીક્ષામાં બેસી શકશે નહિ, એમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે. રાજ્ય સરકારના 'વિદ્યાર્થી હિતલક્ષી' આ નિર્ણયથી રાજ્યમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટશે તેમજ જે વિદ્યાર્થીઓ પરીક્ષામાં નાપાસ થયા હોય તથા પ્રથમ વખતે સારૂં પરિણામ કોઈ કારણસર ન લાવી શકયા હોય તેવા વિદ્યાર્થીઓને Best of Two Exam પૂરક પરીક્ષાના માધ્યમથી બીજી સોનેરી તક મળશે.

### પ્રથમ આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટ મેચ પહેલાં જ

# ૨૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા BCA સ્ટેડિયમમાં પાણીના ફાંફાં

વડોદરા, તા.૧૪

વડોદરામાં રૂા.૨૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા બરોડા ક્રિકેટ એસોસિએશનના સ્ટેડિયમમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય વીમેન ક્રિકેટ મેચ તા.૨૨ ડિસેમ્બરે રમાશે તે પહેલા જ સ્ટેડિયમમાં જળ સંકટ ઊભું થયું છે. કોટંબી ખાતે આવેલા સ્ટેડિયમમાં નિયમિત પાણીની જરૂરિયાત પૂરી પાડવા માટે નર્મદા નહેરથી સ્ડેટિયમ સુધી પાઈપલાઈન નાખવામાં આવી છે પરંતુ નહેરમાં જ પાણીની ઘટ ઊભી થતાં સ્ટેડિયમમાં પાણી પહોંચતું નથી જેના કારણે બીસીએના હોદ્દેદારો પાણી માટે દોડતા થયા છે. આંતરરાષ્ટ્રીય કક્ષાના ક્રિકેટ સ્ટેડિયમમાં એક મુખ્ય ગ્રાઉન્ડ અને બીજું પ્રેક્ટિસ ગ્રાઉન્ડ મળીને બે ગ્રાઉન્ડ છે. તદ્ઉપરાંત ડ્રેસિંગરૂમ, જીમ, સ્વિમિંગ પૂલ સહિતની વિવિધ સુવિધાઓમાં રોજ પાણીની જરૂર પડે. કોટંબી વિસ્તારમાં ભૂગર્ભ જળ વધુ ક્ષારવાળુ હોવાથી તે પાણી મેદાન ઉપરના લીલા ઘાસ માટે દુશ્મન સમાન છે. ઉપરાંત સ્વિમિંગપુલમાં પણ ક્ષારવાળુ પાણી ચાલે નહીં એટલે બીસીએ દ્વારા નર્મદા નહેરથી સ્ટેડિયમ સુધી રૂા.૧૩ કરોડનો ખર્ચ કરીને પાઈપલાઈન નાખવામાં આવી છે. બીસીએના અધિકારીઓનું કહેવું છે કે, પાઈપલાઈન નાખી ત્યારે ગુજરાત પાણીપુરવઠા બોર્ડ દ્વારા અમને ખાતરી આપવામાં આવી હતી કે રોજ ૧.૬૦ લાખ લીટર પાણી પૂરૂં પાડવામાં આવશે. તે માટે બીસીએ દ્વારા દર વર્ષે અંદાજે ૨૫ લાખ રૂપિયા પાણી પુરવઠા બોર્ડને ચુકવવામાં આવશે. પણ ત્રણ-ચાર મહિનાઓથી નહેરનું સમારકામ ચાલતુ હોવાનું કારણ બતાવીને પાણીનો સપ્લાય બંધ કરવામાં આવ્યો છે. જેના પગલે ખાનગી સપ્લાયરો પાસેથી દર મહિને રૂા.૨ લાખના ખર્ચે પાણીના ટેન્કરો મગાવવા પડે છે. પાઈપ લાઈન માટે રૂા.૧૩ કરોડનો ખર્ચ કર્યા બાદ પણ આ સ્થિતિ છે. અમને આશા છે કે તા.૨૨ ડિસેમ્બરથી શરૂ થતી ભારત-વેસ્ટ ઈન્ડિઝ વીમેન ક્રિકેટ ટૂર્નામેન્ટની ૩ મેચની સિરીઝ પહેલા સરકાર પાણીની સમસ્યાનો ઉકેલ લાવશે.

# સીરિયામાં અસદના શાસનનો અંત પણ હવે ત્યાં શાંતિ-સ્થિરતા સ્થપાશે ?

(એજન્સી) તા.૧૪

છેલ્લા કેટલાક વર્ષોમાં, સરમુખત્યાર શાસકો સામે બળવો અને શાસકોને ઉથલાવવાની ઘણી ઘટનાઓ બની છે. શ્રીલંકા અને બાંગ્લાદેશમાં પણ કુશાસન સામે લોકોમાં રોષ ફાટી નીકળ્યો અને સત્તા પરિવર્તન થયું. સીરિયા તેનું તાજેતરનું વધુ એક ઉદાહરણ છે, જ્યાં બળવાખોર જૂથોએ બશર અલ-અસદને ઉથલાવી દીધા હતા. અગિયાર દિવસની લડાઈ પછી, બળવાખોર જૂથોએ સીરિયાની રાજધાની દમાસ્કસ ઉપર કબજો કરી લીધો છે. લગભગ ૧૩ વર્ષ પહેલા પણ અસદને સત્તા ઉપરથી હટાવવાની માંગ સાથે ત્યાં એક જનઆંદોલન ઊભું થયું હતું. પરંતુ અસદ એ બળવાને દબાવવામાં સફળ રહ્યા હતા. આ વખતે સીરિયન સૈન્યએ એક રીતે શરણાગતિ સ્વીકારી અને કોઈપણ પ્રકારના રક્તપાત વિના વિદ્રોહી જૂથ હયાત તહરીર અલ-શામ એટલે કે એચટીએસએ સરળતાથી દમાસ્કસ ઉપર કબજો કરી લીધો. સીરિયામાં વિદ્રોહની ચિનગારી ત્યારે ફાટી નીકળી હતી જ્યારે ઘણા અરબ દેશોમાં સરમુખત્યારો સામે લોકોમાં રોષ ફાટી નીકળ્યો, જેને 'અરબ સ્પ્રિંગ' કહેવામાં આવે છે. હવે સીરિયામાં તખ્તાપલટનું મુખ્ય કારણ રશિયા અને ઈરાન દ્વારા મદદ પાછી ખેંચી લેવાનું માનવામાં આવે છે. જો કે, સીરિયામાં વિદ્રોહી જૂથની સફળતાથી ત્યાંની વસ્તીનો મોટો વર્ગ હાલ તો આનંદ કરી રહ્યો છે. ભારતે પણ ત્યાં શાંતિપૂર્ણ અને સમાવેશી પ્રક્રિયા દ્વારા સત્તાના હસ્તાંતરણની આશા વ્યક્ત કરી છે. પરંતુ પ્રશ્ન એ રહે છે કે શું સીરિયામાં ખરેખર લોકશાહી પ્રક્રિયા શરૂ થશે ખરી? આ પહેલા લિબિયા, અફઘાનિસ્તાન વગેરે દેશોના ઉદાહરણો છે જે સરમુખત્યારશાહીથી મુક્ત થયા, જ્યાં તખ્તાપલટ પછી પણ સ્થિતિ સુધરવાને બદલે ખરાબ થતી જોવા મળી છે. આ ઉપરાંત ઘણા દેશો અને અલગતાવાદીઓ છે જેમના પોતાના હિત છે. ઈરાન અને રશિયા સીરિયાની સાથે રહ્યા કારણ કે સીરિયા મધ્ય પૂર્વમાં વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ દેશ છે. રશિયાનો સ્વાર્થ તેલ અને મધ્ય પૂર્વમાં અમેરિકન વર્ચસ્વને રોકવા સાથે સંબંધિત છે. આ સિવાય કુર્દીસ્તાનની માંગને લઈને કુર્દિશ બળવાખોરોના પોતાના સમીકરણો છે. એચટીએસમાં સામેલ બળવાખોર જૂથોના પણ પોતાના હિતો છે. આ રીતે સત્તા હસ્તાંતરણ બાદ ત્યાં લોકશાહી સરકાર રચાશે અને સામાન્ય લોકોના હિતને ધ્યાનમાં રાખીને સર્વસમાવેશક નીતિઓ બનાવવામાં આવશે, સીરિયામાં લોકો અસદ અને એમના પિતાની સરમુખત્યારશાહીથી નારાજ હતા. આ દષ્ટિકોણથી લોકોમાં લોકશાહીની અપેક્ષા સ્વાભાવિક છે. પરંતુ એચટીએસ સાથે સંકળાયેલા બળવાખોર સંગઠનોના કટ્ટરપંથી વલણોને જોતા, સીરિયામાં સત્તાનું સ્વરૂપ શું હશે તે કહેવું ખૂબ જ વહેલું છે. જો ત્યાં લીબિયા અને અફઘાનિસ્તાન જેવી સ્થિતિ ઊભી થશે તો તે અસદની સરમુખત્યારશાહી કરતાં પણ ખરાબ હશે. ભારત સાથેના તેના સંબંધો પણ આ પ્રભાવોથી મુક્ત ન ગણી શકાય.

# જીલ્લા ફેર બદલીમાં તમામ શિક્ષકોને સ્થળ પસંદગીની તક આપવા માંગણી

### હાલમાં ખાલી જગ્યા હોય તેટલા જ ઉમેદવારોને પસંદગીની તક આપવામાં આવી છે

અમદાવાદ, તા.૧૪

જિલ્લા ફેર ઓનલાઈન બદલી કેમ્પમાં જિલ્લો પસંદ કરનારા તમામ શિક્ષકોને સ્થળ પસંદગીની તક આપવા માટે રાજ્યના શિક્ષણમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. જિલ્લો પસંદ કરનાર તમામ શિક્ષકોને સ્થળ પસંદગીની તક આપવામાં આવે તો સિનિયોરિટી મુજબ શિક્ષકો જિલ્લા ફેરનો લાભ લઈ શકે તેમ હોવાથી માંગણી કરાઈ છે. હાલમાં જેટલી ખાલી જગ્યા હોય તેટલા જ ઉમેદવારોને સ્થળ પસંદગીની તક આપવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, હાલ જિલ્લાફેર ઓનલાઈન બદલી કેમ્પમાં સ્થળ પસંદ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં અગ્રતા સિનિયોરિટીમાં જેટલી ખાલી જગ્યા હોય તેટલા જ ઉમેદવારોને સ્થળ પસંદગીની તક આપવામાં આવેલી છે. જેમાં મોટાભાગના ઉમેદવારો પોતાની પસંદગીની જ શાળાઓ ભરશે. જેના કારણે જિલ્લાની અંતરિયાળ શાળાઓ ખાલી રહેશે અને જિલ્લા પસંદ કરેલી હોવા છતાં પ્રતિક્ષા યાદીમાં રહેલા શિક્ષકોને સ્થળ પસંદગીની તક મળશે નહીં. જો ખાલી જગ્યા કરતાં વધુ ઉમેદવારો કે જેઓએ જિલ્લો પસંદ કરેલો છે તે તમામને સ્થળ પસંદગીની તક આપવામાં આવે તો જિલ્લાની અંતરિયાળ શાળાઓ પણ ભરાઈ શકે તેમ હોવાની રજૂઆત પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષણમંત્રીને કરવામાં આવી છે. અગ્રતાક્રમમાં જિલ્લો પસંદ કરેલા તમામ શિક્ષકોને સ્થળ પસંદગી કર્યા બાદ વધેલી ખાલી જગ્યાઓ બીજા તબક્કામાં જિલ્લાફેર બદલીના ઠરાવ મુજબ સિનિયોરિટીવાળા શિક્ષકોને પસંદ કરવા માટે તબદિલ કરવામાં આવે એવી પણ માંગણી કરવામાં આવી છે. જે શિક્ષકોને પસંદગીની તક આપેલી છે તેઓ પોતાની પસંદગીની શાળા ન મળતાં પુર્નઃ બીજા તબક્કાના કેમ્પમાં પણ અરજી કરશે. જેના લીધે જિલ્લો પસંદ કરેલો હોવા છતાં જુનિયર શિક્ષકોને જિલ્લાઓમાં ખાલી જગ્યા હોવા છતાં જિલ્લાફેર બદલીનો લાભ મળશે નહીં. જેથી પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષણમંત્રીને રજૂઆતમાં જણાવાયું છે કે, જિલ્લો પસંદ કરનાર તમામ શિક્ષકોને સ્થળ પસંદગીની તક આપવામાં આવે તો સિનિયોરિટી મુજબ શિક્ષકો જિલ્લાફેરનો લાભ લઈ શકે. આ બાબતની સૂચના આપની કક્ષાએથી ઝડપથી કરવામાં આવે તેવી અપેક્ષા સહ રજૂઆત કરાઈ છે.

# બાંગ્લાદેશ ઉપર ત્રિપુરા સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડનું રૂા.૧૬૧ કરોડનું દેવું છે

(એજન્સી) તા.૧૪

બાંગ્લાદેશ ઉપર ત્રિપુરા સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ (TSECL)ને ચૂકવવામાં ન આવેલા વીજ બિલોમાં રૂા. ૧૬૧ કરોડનું દેવું છે અને આ મામલો કેન્દ્ર સમક્ષ ઉઠાવવામાં આવ્યો છે. રાજ્યના ઉર્જા પ્રધાન રતન લાલ નાથે જણાવ્યું હતું કે TSECL હાલમાં બાંગ્લાદેશને દરરોજ ૭૦થી ૮૦ મેગાવોટ વીજળી પૂરી પાડે છે, કારણ કે આ દેશ તેના ગ્રાહકો માટે વીજળીની તીવ્ર અછતનો સામનો કરી રહ્યું છે. બાંગ્લાદેશને વીજળી સપ્લાય કરવા માટે બાકી ચૂકવણી વધીને રૂા. ૧૬૧ કરોડ થઈ ગઈ છે. પેન્ડિંગ પેમેન્ટ ક્લિયર કરવા માટે અમે NTPC વિદ્યુત વ્યાપાર નિગમ (NVVN)નો સંપર્ક કર્યો છે અને કેન્દ્રીય એજન્સીએ બાંગ્લાદેશને બાકી ચૂકવણી કરવા કહ્યું છે. NVVNએ ત્રિપુરા પાવર પ્રોજેક્ટમાંથી બાંગ્લાદેશને પાવર સપ્લાય કરવા માટેની નોડલ એજન્સી છે અને આ હેતુ માટે તે ચૂકવણીઓ એકત્રિત કરે છે. તેમણે કહ્યું કે આ બાકી ચૂકવણી છતાં, TSECL પાડોશી દેશને વીજળી સપ્લાય કરવાનું ચાલુ રાખશે. ત્રિપુરાએ માર્ચ ૨૦૧૬માં સરકારી માલિકીની ONGC ત્રિપુરા પાવર કંપની (OTPC) પાવર પ્લાન્ટમાંથી બાંગ્લાદેશને ૧૦૦ મેગાવોટ પાવર સપ્લાય કરવાનું શરૂ કર્યું હતું. આ પાવર સપ્લાય ૧૬૦ મેગાવોટ સુધીની છે. TSECLના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ૨૦૧૬માં પ્રથમ કરાર પછી, અમે બાંગ્લાદેશને વીજળીનો પુરવઠો ચાલુ રાખવા માટે બે વાર આ કરાર રિન્યૂ કર્યો હતો. બાંગ્લાદેશ સરકારે તાજેતરમાં TSECLને તેમના દેશમાં ઓછામાં ઓછી ૨૫૦ મેગાવોટ વીજળી સપ્લાય કરવા વિનંતી કરી છે કારણ કે તેમની પાસે ગ્રાહકોની વધતી માંગને પહોંચી વળવા માટે વીજળીની ભારે અછત છે. આ અંગે ચર્ચા ચાલી રહી છે. પરંતુ વીજળીનો પુરવઠો વધારવા માટે, કેન્દ્ર સરકારની પરવાનગી અને મંજૂરીઓ મહત્ત્વપૂર્ણ છે, જેમાં કરાર ઉપર હસ્તાક્ષર કરવા અને અન્ય ઔપચારિકતાઓને પૂર્ણ કરવી જરૂરી છે. તેમણે કહ્યું કે ૨૦૨૦માં TSECLએ નેપાળને ૪૦ મેગાવોટ વીજળી પૂરી પાડી હતી. જો કે, નેપાળે ભારતીય સત્તાવાળાઓનો ફરીથી સંપર્ક ન કર્યો હોવાથી આ પુરવઠો હવે બંધ કરી દેવામાં આવ્યો છે. TSECLના અધિકારીએ જણાવ્યું હતું કે અગરતલાની દક્ષિણે ૬૫ કિમી દૂર દક્ષિણ ત્રિપુરાના પલટાણામાં ૭૨૬ મેગાવોટ ઉત્પાદન ક્ષમતાના OTPC ગેસ આધારિત પાવર પ્લાન્ટમાંથી બાંગ્લાદેશ અને મોટાભાગના ઉત્તરપૂર્વીય રાજ્યોને વીજળી પૂરી પાડવામાં આવી રહી છે. ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીઝિંગ એન્ડ ફાઈનાન્સિયલ સર્વિસ લિમિટેડ, IDFC બેંક અને ત્રિપુરા સરકારની સંયુક્ત સાહસ કંપની OTPCએ જૂન ૨૦૧૩માં પલાટાણા ખાતે 726-MWનો પ્રોજેક્ટ સ્થાપ્યો હતો. ઓટીપીસીનો સંયુક્ત પાવર પ્લાન્ટ, ઉત્તરપૂર્વમાં સૌથી મોટો ગેસ આધારિત પાવર પ્લાન્ટ છે, જે સિક્કિમને બાદ કરતાં સાત ઉત્તરપૂર્વીય રાજ્યોની વીજ જરૂરિયાતના લગભગ ૩૫ ટકાને પૂર્ણ કરે છે. રૂા. ૧૦,૦૦૦ કરોડનો પલાટાણા પાવર પ્લાન્ટ એ નવી દિલ્હી અને ઢાકા વચ્ચેના સહકારનું ઉદાહરણ છે.

# મમતા બેનરજીની ઈન્ડિયા બ્લોક માટે વ્યૂહરચના 'ભાજપને હરાવો, દિલ્હીની ખુરશીમાં કોઈ રસ નથી'

નવી દિલ્હી, તા.૧૪

તૃણમૂલ કોંગ્રેસના પ્રમુખ મમતા બેનરજીએ કૃતજ્ઞતા વ્યક્ત કરતાં ઈન્ડિયા જૂથમાં સંભવિત નેતૃત્વ પરિવર્તન વિશેની ચર્ચાઓનો જવાબ આપ્યો છે. પૂર્વ મિદનાપુરમાં એક કાર્યક્રમ દરમ્યાન તેમણે કહ્યું, 'હું તમામ નેતાઓની આભારી છું જેમણે મને સન્માન આપ્યું છે. હું તે બધાના સારા સ્વાસ્થ્યની કામના કરૂં છું. તેઓ સારા રહે, તેમની પાર્ટી સારી રહે. ભારત સારૂં રહે.' ટીએમસીના નેતા કુણાલ ઘોષે જણાવ્યું હતું કે, મમતાનું ઈન્ડિયા બ્લોક નેતા તરીકે મુખ્ય ધ્યાન દિલ્હીમાં 'ખુરશી'ને બદલે ભાજપને પડકારવા માટે વૈકલ્પિક પ્લેટફોર્મ બનાવવા ઉપર રહેશે. તેમણે કહ્યું કે, 'મમતા બેનરજીએ સ્પષ્ટ કર્યું છે કે, તેમને દિલ્હીની 'ખુરશી'માં રસ નથી. તેઓ એક વૈકલ્પિક મંચ બનાવવામાં રસ ધરાવે છે જે ભાજપને હરાવી શકે. ઈન્ડિયા ગઠબંધનની અંદર પશ્ચિમ બંગાળમાં અમે ભાજપને હરાવ્યું છે. ઝારખંડમાં હેમંત સોરેનના નેતૃત્વમાં જેએમએમએ ભાજપને હરાવ્યું છે.' કોંગ્રેસ ઉપર નિશાન સાધતા ઘોષે કહ્યું, 'હરિયાણા અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં જ્યાં ભાજપને હરાવવાની મુખ્ય જવાબદારી કોંગ્રેસ ઉપર હતી ત્યાં તેઓ નિષ્ફળ ગયા. તેથી જ ઈન્ડિયા ગઠબંધનના વરિષ્ઠ નેતાઓ ઈન્ડિયાના ચહેરા તરીકે મમતા બેનરજીનું નામ સૂચવી રહ્યા છે. ગઠબંધન હરિયાણા, મહારાષ્ટ્ર અને લોકસભા ચૂંટણીમાં કેમ નિષ્ફળ ગયું તેનું સ્વ-વિશ્લેષણ કરવું જોઈએ. આ નિવેદન ત્યારે આવ્યું છે જ્યારે ઈન્ડિયા બ્લોકની અંદરના અનેક પક્ષોએ મમતા બેનરજી માટે તેમના સમર્થનમાં અવાજ ઊઠાવ્યો છે અને નેતૃત્વ પરિવર્તનની માગણી કરી છે. મમતાએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી તરીકે તેમની ભૂમિકા ચાલુ રાખીને વિપક્ષી મોરચાનું નેતૃત્વ કરવાની બેવડી જવાબદારી નિભાવવાની તૈયારી દર્શાવી છે.

# ચેમ્પિયન્સ ટ્રોફીનો બહિષ્કાર કરવાનું પાકિસ્તાનને મોંઘું પડશે

## ટ્રોફીમાંથી હટવાથી પાકિસ્તાનને મોટું નુકસાન થશે સાથે જ ૧૬ દેશ પાકિસ્તાન ઉપર કેસ કરી શકે છે; આઈસીસીની ગેરંટી દાવ ઉપર લાગી છે




નવી દિલ્હી, તા.૧૪

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) જો આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ના આયોજનને લઈ ચાલી રહેલા વિવાદના કારણે આગામી વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં રમાનારી આ ૫૦ ઓવરની ટુર્નામેન્ટમાંથી હટવાનો નિર્ણય કરશે તો તેની આવકમાં ભારે નુકસાન થવાની સાથે કેસનો પણ સામનો કરવો પડી શકે છે અને તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી અલગ પડી શકે છે. આઈસીસીની ટુર્નામેન્ટના આયોજન સાથે જોડાયેલા એક વરિષ્ઠ ક્રિકેટ સંચાલકે પીટીઆઈને જણાવ્યું કે જો આઈસીસી અને ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) હાઈબ્રિડ મોડલનો પૂરી રીતે સ્વીકાર કરવાથી ઈન્કાર કરે છે તો પીસીબી માટે ટુર્નામેન્ટમાંથી હટવાનો નિર્ણય કરવો આસાન નહીં હોય. આ અધિકારીએ કહ્યું કે પાકિસ્તાને ના ફકત આઈસીસી સાથે યજમાની સંબંધિત સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે સાથે જ આ ટુર્નામેન્ટમાં ભાગ લેનારા અન્ય બધા દેશોની જેમ તેણે આઈસીસી સાથે સભ્યોની અનિવાર્ય ભાગીદારીથી સંબંધિત સમજૂતી (એમપીએ) ઉપર પણ હસ્તાક્ષર કર્યા છે. તેમણે કહ્યું કે આઈસીસીની ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે એમપીએ ઉપર હસ્તાક્ષર કર્યા બાદ જ કોઈ સભ્ય દેશ આઈસીસી ટુર્નામેન્ટમાં થનારી આવકનો હિસ્સો મેળવવાનો હકદાર હોય છે. અધિકારીએ કહ્યું કે સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે આઈસીસીએ પોતાની બધી ટુર્નામેન્ટ માટે પ્રસારક સાથે સમજૂતી કરી છે જેમાં તેણે ગેરંટી આપી છે કે ચેમ્પિયન્સ ટ્રોફી સહિત આઈસીસીની ટુર્નામેન્ટમાં તેના બધા સભ્ય દેશ ભાગ લેશે. આઈસીસી ગત સપ્તાહ ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન હાઈબ્રિડ મોડલથી કરાવવાની સહમતિ પ્રાપ્ત કરવામાં સફળ રહ્યું હતું. તેના અનુસાર ભારત પોતાની મેચ દુબઈમાં રમશે. આ ઉપરાંત આઈસીસીની ૨૦૨૭ સુધી રમાનારી ટુર્નામેન્ટમાં આ વ્યવસ્થા યથાવત્ રહેશે. આની જો કે અત્યાર સુધી સત્તાવાર જાહેરાત કરાઈ નથી. જો આ સમજૂતી થઈ જાય છે તો તેનો મતલબ હશે કે પાકિસ્તાન ૨૦૨૭ સુધી રમાનારી આઈસીસી ટુર્નામેન્ટ માટે ભારતનો પ્રવાસ કરવા માટે મજબૂર નહીં થાય. સંચાલકે કહ્યું કે જો પાકિસ્તાન ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી હટશે તો આઈસીસી અને ત્યાં સુધી કે આઈસીસી કાર્યકારી બોર્ડમાં સામેલ અન્ય ૧૬ સભ્ય દેશ પણ તેની વિરૂદ્ધ કેસ કરી શકે છે. પ્રસારક પણ આ માર્ગ અપનાવી શકે છે કારણ કે પાકિસ્તાનના બહાર થઈ જવાથી બધા હિતધારકોને નુકસાન થશે. તેમણે આની સાથે એ પણ ખુલાસો કર્યો કે પીસીબીની કાર્યકારી બોર્ડના અન્ય સભ્યો તરફથી મજબૂત સમર્થન મળ્યું નથી.


# કર્ણાટકમાં માતાએ પતિની લોન ચૂકવવા માટે નવજાત શિશુને ૧.૫ લાખ રૂપિયામાં વેચી દેતા ધરપકડ


બેંગ્લુરૂ, તા.૧૪

૪૦ વર્ષની એક મહિલાની તેના પતિની લોન પતાવવા માટે તેના ૩૦ દિવસના બાળકને ૧.૫ લાખ રૂપિયામાં વેચવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. તેના બે સહાયકો અને ખરીદનારની ધરપકડ પણ કરવામાં આવી છે. આ ઘટના રામનગરામાં બની હતી અને પોલીસે બાળકને બચાવી લીધો છે અને તેને માંડ્યામાં બાળ કલ્યાણ ગૃહને સોંપ્યો છે. આકસ્મિક રીતે, મહિલાના પતિએ ૭ ડિસેમ્બરના રોજ પોલીસ ફરિયાદ નોંધાવી હતી કે, તેનો નવજાત પુત્ર ઘરેથી ગુમ થયો હતો અને તેને શંકા હતી કે તેની પત્ની સંડોવાયેલ છે. દંપતી, બંને રોજિંદા મજૂરીકામ કરે છે અને તેમને ચાર બાળકો છે. ઓછી આવકમાં આટલા મોટા પરિવારનું ગુજરાન ચલાવતા તેમનું દેવું વધી ગયું. પિતાએ પોલીસને જણાવ્યું, મારી પાસે ૩ લાખ રૂપિયાથી વધુની લોન છે અને મારી પત્નીએ થોડા દિવસો પહેલા મને સૂચન કર્યું હતું કે, અમારૂં દેવું ચૂકવવા માટે અમે અમારા નવજાતને નિઃસંતાન દંપતીને પૈસા માટે વેચી શકીએ છીએ. પરંતુ મેં સ્પષ્ટપણે ના પાડી દીધી અને કહ્યું કે, તેણે આવું ક્યારેય ન વિચારવું જોઈએ. ૫ ડિસેમ્બરની સાંજે બાળક ગુમ થઈ ગયો હતો. હું કામ પરથી ઘરે પાછો ફર્યો અને મારો દીકરો ગુમ થયેલો જણાયો. પતિએ તેની ફરિયાદમાં જણાવ્યું હતું, જ્યારે મેં પૂછપરછ કરી, ત્યારે મારી પત્નીએ મને કહ્યું કે, તેને સ્વાસ્થ્ય સંબંધી કેટલીક સમસ્યાઓ છે અને તેણે તેને એક સંબંધી સાથે ડોક્ટર પાસે મોકલ્યો છે. એવું માનીને, મેં રાત્રિભોજન કર્યું અને સૂઈ ગયો. બીજા દિવસે સવારે, હું કામ પર ગયો અને રાત્રે પાછો આવ્યો, પરંતુ મારા પુત્રની કોઈ ભાળ ન મળી અને મારી પત્નીએ અગાઉ જે કહ્યું હતું તે પુનરાવર્તિત કર્યું, પરંતુ આ વખતે, મને શંકા ગઈ અને તેણીને ડોક્ટર અથવા સંબંધીનો નંબર શેર કરવા કહ્યું જેની સાથે મારો પુત્ર હતો પરંતુ તેણીએ ના પાડી હતી અને આ મુદ્દે અમે એકબીજા સાથે ઝઘડો કર્યો હતો. બીજા દિવસે, તે વ્યક્તિ પોલીસ પાસે ગયો અને ફરિયાદ નોંધાવી. ત્યારબાદ મહિલા પોલીસની ટીમે માતાની મુલાકાત લીધી હતી. એક તપાસ અધિકારીએ જણાવ્યું હતું કે, તેણે શિશુ તેના સંબંધી સાથે હોવાનું કહીને અમને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો. જ્યારે વધુ પૂછપરછ કરવામાં આવી, ત્યારે તેણે બેંગલુરૂમાં એક મહિલાને ૧.૫ લાખ રૂપિયામાં વેચવાની કબૂલાત કરી. મહિલાને પોતાની સાથે લઈને, પોલીસ બેંગલુરૂ પહોંચી અને શિશુને શોધી કાઢ્યું. ત્યારબાદ પોલીસે માતા, બાળકના વેચાણની સુવિધા આપનાર બે સહયોગીઓ અને શિશુને ખરીદનાર મહિલાની ધરપકડ કરી હતી.

(અનુ.છઠ્ઠાપાને.)

# સ્તવ્ય સ્પાઈન હોસ્પિટલ દ્વારા એડવાન્સ્ડ સ્પાઈન ડાયગ્નોસ્ટિક્સ માટે ઓપન સ્ટેન્ડિંગ વેઈટબેરીંગ MRI





અમદાવાદ, તા.૧૪

સ્તવ્ય સ્પાઈન હોસ્પિટલ, બે દાયકાથી વધુ સમયથી સ્પાઈન કેરમાં અગ્રણી છે, જે તેના અદ્યતન ડાયગ્નોસ્ટિક સાધનોમાં ઓપન સ્ટેન્ડિંગ વેઈટ બેરિંગ MRI (Esaote SpA ઈટાલી દ્વારા ઉત્પાદિત) લઈને આવ્યું છે. સ્પાઈન ડાયગ્નોસ્ટિક્સની જરૂરીયાને પહોંચી વળવા માટે ખાસ તૈયાર કરાયેલ આ નવીન તકનીક, સિટિંગ, સ્ટેન્ડિંગ અને સ્પાઈનમાં ઈમેજિંગને સક્ષમ કરે છે, સ્પાઈનની સ્થિતિનું નિરિક્ષણ કરવામાં સારા પરિમાણો પ્રદાન કરે છે. આ સાધનનો ઉમેરો નૈતિક સંભાળ, પારદર્શિતા અને દર્દીને સારા પરિણામ પ્રદાન કરવાની સ્તવ્યની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

પરંપરાગત MRIમાં દર્દીઓને સારા-રિઝોલ્યુશન ઈમેજિંગ માટે સપાટ સૂવું જરૂરી છે, જ્યારે ઓપન સ્ટેન્ડિંગ Esaote's s MRI કરોડરજ્જુના વજન-વહનની આકારણી માટે પરવાનગી આપે છે. આ મશીન ખાસ કરીને સ્કોલિયોસિસ, ડીજનરેટિવ ડિસ્ક રોગ અને કરોડરજ્જુની અસ્થિરતા જેવી પરિસ્થિતિઓના ગતિશીલ મૂલ્યાંકન માટે અનુકૂળ છે. ખાસ કલોસ્ટ્રોફોબિયા અથવા એન્ઝાઈટી ધરાવતા દર્દીઓ માટે પરંપરાગત MRI મશીન કરતા ઓપન સ્ટેન્ડિંગ MRI વધુ આરામદાયક છે. વધુમાં, આ ટેક્નોલોજીનો ઉપયોગ ઘૂંટણ અને નિતંબના વજન-વહન સ્થિતિ ઈમેજ કરવા માટે પણ કરી શકાય છે, જે જોઈન્ટ સંબંધી સ્વાસ્થ્ય સમસ્યામાં સચોટ નિદાન આપે છે. સ્તવ્ય સ્પાઈન હોસ્પિટલના સ્પાઈન સર્જન ડો. મિરાન્ત દવેએ જણાવ્યું કે, "અમારી ડાયગ્નોસ્ટિક ફિલોસોફી વાસ્તવિક જીવનમાં કરોડરજ્જુ કેવી રીતે કાર્ય કરે છે તે સમજવાની છે. ઓપન સ્ટેન્ડિંગ Esaote's MRI અમને દબાણ હેઠળ કરોડરજ્જુના કાર્યનું મૂલ્યાંકન કરવામાં મદદ કરે છે, જેનાથી સર્જરી કરવાની જરૂર છે કે સર્જરી વગર સારવાર કરી શકાશે, તે અંગે નિદાન કરવામાં મદદ કરે છે. જે નૈતિક અને સચોટ સંભાળ આપવાના અમારા મિશનમાં મહત્વનું પગલું છે."

સ્તવ્યના ડાયરેક્ટર અને સ્પાઈન સર્જન ડૉ. ભરત દવેએ જણાવ્યું હતું કે, "સ્તવ્ય ખાતે, અમે અમારા દર્દીઓને સ્પાઈન કેર પૂરી પાડવા માટે શ્રેષ્ઠ ટેકનોલોજી, ટેલેન્ટ અને સારવાર પદ્ધતિઓને એકીકૃત કરવા પ્રાથમિકતા આપી છે. ઓપન સ્ટેન્ડિંગ MRI આ અભિગમને પૂરક બનાવે છે, જે અમને ડાયનેમિક ઈમેજિંગની જરૂર હોય તેવી પરિસ્થિતિઓને વધુ સારી રીતે સમજવા અને સારવાર કરવામાં મદદ કરે છે.

ભવિષ્યને જોતાં, સ્તવ્ય વર્ષ ૨૦૨૫માં એક નવું સેન્ટર ઑફ એક્સલન્સ શરૂ કરવાની તૈયારી કરી રહ્યું છે, જે એશિયાની સૌથી મોટી અને વિશિષ્ટ સ્પાઈન હોસ્પિટલ હશે. આ લેન્ડમાર્ક ફેસિલિટી સ્તવ્યની ક્ષમતાને વિસ્તૃત કરશે, જેમાં અદ્યતન ડાયગ્નોસ્ટિક અને સારવાર, દર્દી સંભાળની ક્ષમતામાં વધારો અને સંશોધન અને શિક્ષણ માટે સમર્પિત જગ્યા છે. આ પ્રોજેક્ટ વૈશ્વિક સ્તરે સ્પાઈન કેરમાં મોખરે રહેવાની સ્તવ્યની મહત્વાકાંક્ષાને દર્શાવે છે.

# ગુરૂદેવ દત્તે ત્રણ મુખ ધારણ કરેલા છે,જે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનો અંશ ગણાય છે

શ્રી ગુરૂ દત્તાત્રેયના ઊપાસકો તથા ભાવિક ભક્તો, દત્ત જયંતીના પર્વને બહુ ધૂમધામથી ઉજવે છે. ભગવાન દત્તાત્રેયના પિતાશ્રીનું નામ અત્રિ હતુ અને તેઓ મહાન તપસ્વી ઋષિ હતા તો એમની માતુશ્રીનું નામ અનસૂયા હતુ અને તેઓ મહાસતિ તરીકે ઓળખાતા હતાં. ગુરૂદેવ દત્તે ત્રણ મુખ ધારણ કરેલા છે,જે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનો અંશ ગણાય છે. દત્તાત્રેય ભગવાનનો ફોટો આપણે જોઈશું તો જણાશે કે, ત્રિમુખી દત્તાત્રેય ઊભા છે, તેમની પાછળ ગૌ માતા ઊભેલા જણાય છે. તેમના ચરણની આજુબાજુ ચાર શ્વાન બિરાજમાન છે. તેઓએ ગળામાં માળા ધારણ કરેલી છે, નીચેના હાથમાં કમંડલ છે, ઉપરના હાથમાં શંખ ચક્ર ધારણ કરેલ છે. વચલા હાથમાં ડમરૂ તથા ત્રિશૂળ ધારણ કરેલ છે. દત્તાત્રેય ભગવાનનું મુખારવિંદ સદાય તેજસ્વી, જાજરમાન અને મલકતું દીસે છે.

એવુ કહેવાય છે કે, ભગવાન ગુરૂદેવ દત્તાત્રયે બગલો, ભમરો, કૂતરો, હોલો, વારાંગના જેવા મનુષ્ય, પશુ અને પક્ષીઓ મળીને કુલ ૨૪ ગુરૂઓ કર્યા હતાં અને દરેક પાસેથી કાંઈક ને કાંઈક જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. ખાસ કરીને મહારાષ્ટ્રિયન સમુદાય બહોળા પ્રમાણમાં ભગવાન દત્તાત્રેયને માને છે, તેમ છતાં, અન્ય લોકો પણ ભગવાન દત્તાત્રેયની ઉપાસના કરે છે. અક્કલકોટ, કુરવપુર, માહૂરગઢ, માણિકપુર, ગાણગાપુર, ગરૂડેશ્વર વિગેરે દત્તાત્રેયના ધામો છે. ગુજરાતમાં ગિરનાર પર્વત ઊપર દત્તાત્રેયના પાવન પગલાં છે અને ભગવાન દત્તાત્રેય હાજરા હજૂર છે એવી ભકતોમાં પ્રબળ માન્યતા છે. કુરવપુરના શ્રી શ્રીપાદ વલ્લભ તથા નારેશ્વરના શ્રીરંગ અવધૂત મહારાજ વિગેરે ભગવાન દત્તના પરમ અને બહુ નજદીકના અનુયાયીઓ હતાં, અને આ તમામે તમામ ગુણીજનોને ભગવાન દત્તાત્રેયનો સાક્ષાત્કાર તથા ચમત્કાર થયો હતો.

શ્રી રંગ અવધૂત મહારાજે તથા શ્રી વાસુદેવાનંદ સરસ્વતીએ દત્તાત્રેયનો મહિમા અનન્ય રીતે ગાયો છે. શ્રી રંગ અવધૂત મહારાજે સરળ ભાષામાં બધાંય ને સમજાય એ રીતે બાવન લીટીની દત્તબાવની લખેલી છે. જે કોઈ ભાવિક ભક્તજન બાવન ગુરૂવાર તથા દત્તબાવનીના પાઠ કરશે તો ભગવાન દત્તાત્રેય તેના તમામ મનોરથ પૂરા કરશે. આ ઉપરાંત



રંગ અવધૂત મહારાજે શ્રી દત્ત ચાલીસા અને ગુરૂ લીલામૃતની પણ રચના કરી હતી, અને આજે ભક્તજનો હોંશે હોંશે તેના પાઠ કરીને ધન્ય બને છે. શ્રી રંગ અવધૂત મહારાજે પોતાનો અનુભવ વર્ણવતાં લખ્યું છે કે જે કોઈ વ્યક્તિ દર ગુરૂવારે દત્તબાવનીના બાવન પાઠ કરશે અને ગુરૂવાર કરશે તો શ્રી દત્તાત્રેય ભગવાન તે ભક્તજનનાં સઘળાં કષ્ટો અને તકલીફો દૂર કરશે. જો કે ગુજરાતમાં દત્ત મંદિરોની સંખ્યા અલ્પ પ્રમાણમાં છે. દત્ત જયંતીના દિવસે ભક્તજનો પગપાળા પ્રવાસ રાખે છે, શ્રી દત્ત ભગવાનની મૂર્તિને પાલખીમાં બેસાડીને શોભાયાત્રા કાઢવામાં આવે છે. દત્તબાવનીના અખંડ પાઠ,જાપ તથા અખંડ ધૂનો રાખવામાં આવે છે. અમુક સ્થળોએ દત્તાત્રેય ભગવાનની પાદૂકા પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવે છે .દત્ત ભગવાનની સેવા પૂજાનો લ્હાવો લેવા જેવો છે. ગુજરાતના નારેશ્વર ધામ ખાતે દત્ત જયંતિની ઉજવણી અનન્ય રીતે કરવામાં આવે છે.... જય શ્રી ગુરૂદેવ દત્ત

**– યોગેશભાઈ આર જોશી**
**સીનીયર સીટીઝન તથા કવિ/લેખક**

# આયુષમાન ખુરાનાએ રેડિયો વન પર આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડના 'G-Some Sun'ના નવા હોસ્ટ તરીકે અનંત યાત્રા શરૂ કરી

## ભારતનો ફેવરિટ ટ્રાવેલ શૉ તેની આઠમી સિઝનમાં પ્રવેશ્યો, 'Infinity Awaits' ની આસપાસ કેન્દ્રિત આ શૉ નવ અભૂતપૂર્વ થીમ સાથે પ્રવાસની અનંત ભાવનાની ઊજવણી કરે છે

મુંબઈ, ૧૪

પ્રવાસીઓને વધુને વધુ અર્થપૂર્ણ અનુભવો, અનોખા સાહસો અને ઓફ-બીટ ડેસ્ટિનેશન પર જવા માંગતા હોવાથી આંતરરાષ્ટ્રીય મુસાફરી સતત વધી રહી છે ત્યારે ભારતની અગ્રણી ખાનગી જનરલ ઈન્શ્યોરન્સ કંપની આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડે રેડિયો વનના ફ્લેગશિપ ટ્રાવેલ શૉ 'થેં જીદ્દી જોહ' માટે તેની અભૂતપૂર્વ આઠમી સિઝન માટે તેના સહયોગની જાહેરાત કરી છે. આ શૉ બોલિવૂડ સુપરસ્ટાર આયુષમાન ખુરાના હોસ્ટ કરશે.

નંબર ૮ અને અનંતતા સાથેના તેના જોડાણ દ્વારા પ્રેરિત આ સિઝન Infinity Awaits ની આસપાસ કેન્દ્રિત છે અને નવ અનેરી થીમ્સ રજૂ કરશેઃ નેચરલ ઈન્ફિનિટી પૂલ્સ, પ્રાચીન ગ્રીક સાઈટ્સથી માંડીને ઉત્કૃષ્ટ આર્કિટેક્ચર, પેરેડાઈઝ આઈલેન્ડ્સ, નયનરમ્ય એરચનિડ્સ, આકાશી દ્રશ્યો, એલિમેન્ટલ એન્કાઉન્ટર્સ અને પાવરફુલ એનર્જી વોર્ટેક્સીસ સુધી. આ શૉ વર્સેટાઈલ અને કરિશ્માઈ કલાકાર આયુષમાન ખુરાનાનું હોસ્ટ તરીકે સ્વાગત કરે છે જે શ્રોતાઓને વિશ્વભરના સ્થળોની અભૂતપૂર્વ સફરે લઈ જશે અને આ મુસાફરીની અનંત સંભાવનાઓની ઊજવણી કરશે.

આયુષમાન ખુરાના સાથે આ શૉનું જોડાણ એક પરફેક્ટ સિનર્જી લાવે છે કારણ કે આ કલાકાર સાચા સાંસ્કૃતિક અનુભવો અને પરંપરાગત શહેર આધારિત ટુરિઝમથી આગળ વધીને કુદરતી દ્રશ્યો શોધવા માટે તેના વાસ્તવિક જુસ્સા માટે જાણીતો છે.

આ સતત ચાલનારા સહયોગ થકી આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ પ્રવાસ સુરક્ષાની સંસ્કૃતિને વેગ આપવાની તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે અને સુનિશ્ચિત કરે છે કે પ્રવાસીઓ તેમના સાહસો થકી સંપૂર્ણ માનસિક શાંતિ સાથે અનંત સંભાવનાઓ શોધી શકે છે.

આ સિઝન વિશે આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડના માર્કેટિંગ, કોર્પોરેટ કમ્યૂનિકેશન અને સીએસઆરના હેડ શીના કપૂરે જણાવ્યું હતું કે આજના પ્રવાસીઓ વધુને વધુ વૈવિધ્યસભર અનુભવો શોધી રહ્યા છે – વૈભવી આનંદથી લઈને સાહસિક સફર અને સાંસ્કૃતિક અનુભવો સુધી. આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ ખાતે અમારો સતત પ્રયાસ પ્રવાસીઓ સહિત આજના ગતિશીલ ગ્રાહકોની વિવિધ જરૂરિયાતોને પહોંચી વળવા માટે સૌથી વધુ અનુકૂળ ઈન્શ્યોરન્સ ઓફરિંગ વિકસાવવાનો છે. આવી જ એક ઓફર છે આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ **TripSecure** , એક એઆઈ-સંચાલિત ટ્રાવેલ ઈન્શ્યોરન્સ પ્રોડક્ટ જે વ્યક્તિગત જરૂરિયાતોને અનુરૂપ વ્યાપક સુરક્ષા પ્રદાન કરે છે. તે સમગ્ર પ્રવાસ દરમિયાન શ્રેષ્ઠ કવરેજ અને સરળ સપોર્ટ સુનિશ્ચિત કરે છે. **'G-Some Sun Season 8'** દ્વારા અમે ટ્રાવેલ ઈન્શ્યોરન્સના મહત્વ પર પ્રકાશ પાડવાનો અને લોકોને વિશ્વાસપૂર્વક દુનિયાની ખોજ કરવાની પ્રેરણા આપવાનું લક્ષ્ય રાખીએ છીએ, એ જાણીને કે તેમની પાસે તેમના સાહસોને સુરક્ષિત કરવા માટે વિશ્વસનીય ભાગીદાર છે.

'G- Some Sun' અંગે વાત કરતા આયુષમાન ખુરાનાએ જણાવ્યું હતું કે જ્યારે હું મુસાફરી કરું છું ત્યારે હું એવી જગ્યાઓ શોધું છું જે પહેલાથી ઓફ બીટ હોય અને પહેલા શોધાયેલી ન હોય. પછી ભલે તે મારા મિત્રો સાથે હોય કે કુટુંબીજનો સાથે, તે બધું જ અમારી મુસાફરી દ્વારા જાદુઈ અનુભવ બનાવવા વિશે છે જેને અમે ભૂલીશું નહીં. **'G-Some Sun'**ની આઠમી સિઝન આની સંપૂર્ણ રીતે ખોજ કરે છે કારણ કે અમે એવા સ્થાનો વિશે વાત કરીએ છીએ જેના વિશે લોકોએ સાંભળ્યું નથી. એટલે તમારી બેગ પેક કરો અને તમે ટ્યૂન કરી તૈયાર થશો ત્યાં સુધીમાં અમે તમને તમારું હવે પછીનું વેકેશન ડેસ્ટિનેશન આપી દીધું હશે! તાજેતરમાં આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડે TripSecure લોન્ચ કર્યું હતું, જે એક નવીન એઆઈ-સંચાલિત ટ્રાવેલ ઈન્શ્યોરન્સ સોલ્યુશન છે. આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે ટ્રાવેલ પાર્ટનર તરીકે સ્થિત આ પ્રોડક્ટ વૈવિધ્યસભર ભારતીય પ્રવાસીઓની અનન્ય જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે અનુકૂળ કવરેજ વિકલ્પો પ્રદાન કરે છે.

કંપની પાસે ૧.૩૨ લાખ એક્ટિવ ટ્રાવેલ ઈન્શ્યોરન્સ પોલિસી છે અને તેણે પાછલા વર્ષમાં વિશ્વભરમાં ૧.૩૬ લાખ પ્રવાસીઓને મદદ કરી છે. આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડનો ટ્રાવેલ ઈન્શ્યોરન્સ તમામ વય જૂથના પ્રવાસીઓને પોલિસી જારી કરવા માટે કોઈપણ તબીબી તપાસ વિના ૧૦ લાખ યુએસ ડોલર સુધીના મેડિકલ કવરેજ સાથે વૈશ્વિક સ્તરે ગુણવત્તાયુક્ત હેલ્થકેરની ખાતરી આપે છે. કંપનીએ ગત નાણાંકીય વર્ષમાં ૨૫,૯૪૩ મુસાફરી સંબંધિત ક્લેઈમ્સ સફળતાપૂર્વક સોલ્વ કર્યા છે, જે વ્યાપક ટ્રાવેલ પ્રોટેક્શન પૂરી પાડવાની તેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ તેની શરૂઆતથી જ 'G-Some Sun' સાથે સંકળાયેલી છે, જે શહેરી પ્રોફેશનલ્સ અને પ્રવાસના ઉત્સાહીઓમાં શૉની વિશિષ્ટ સ્થિતિને ઓળખે છે. આ શૉ સાત મોટા શહેરોમાં પ્રસારિત થશે જેમાં દિલ્હી, મુંબઈ, કોલકાતા,

# દ્વારકાની કેન્દ્રીય વિદ્યાલયના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો





જામ ખંભાળિયા, તા. ૧૪

દ્વારકાની પી.એમ.સી. કેન્દ્રીય વિદ્યાલય દ્વારા ધોરણ ૬,૭ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે એક દિવસના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યા અર્ચના યાદવના માર્ગદર્શન હેઠળ શાળાના વિદ્યાર્થીઓને આ શૈક્ષણિક પ્રવાસ માટે પોરબંદરની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેઓને પોરબંદરના શૈક્ષણિક સ્થળો પૈકી જવાહર પ્લેનેટોરિયમ (તારા મંદિર) ,ભારત મંદિર, નાનજી કાલિદાસ મ્યુઝિયમ, શ્રી હરી મંદિર , મહાત્મા ગાંધીજીનું જન્મ સ્થળ કીર્તિ મંદિર તેમજ હર્ષદનું હરસિધ્ધિ વનની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક અનુભવો પુરા પાડવામાં આવ્યા હતા. આ પ્રવાસને સફળ બનાવવા માટે શાળાના આચાર્યા તેમજ શિક્ષકોએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

# ભાણવડમાં આયુષ્માન આરોગ્ય મંદિર પાછતર ખાતે રક્તદાન કેમ્પ યોજાયો



જામ ખંભાળિયા, તા. ૧૪

ભાણવડ તાલુકાના પાછતર ખાતે આવેલા આયુષ્માન આરોગ્ય મંદિરમાં સંકલ્પ ગ્રુપના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પના આરોગ્ય સ્ટાફ તેમજ ગ્રામજનોના સહકારથી કુલ ૪૬ બોટલ બ્લડ એકત્ર થયું હતું. જિલ્લા વિકાસ અધિકારી પાંડોર તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. ચોવીસા દ્વારા પણ આરોગ્યકર્મીઓ તેમજ દાતાઓ ડઢાણિયા હોસ્પિટલના ડો. એ.કે. ડઢાણિયા તેમજ પરમ હોસ્પિટલના ડો. રાહુલ ચુડાસમાને અભિનંદન પાઠવી, રક્તદાનના આવા ઉમદા હેતુ માટે આયોજનો કરતા રહેવા પ્રોત્સાહિત કર્યા હતા. ભાણવડ તાલુકા આરોગ્ય અધિકારી ડો. પ્રકાશ ચાંડેગ્રાના માર્ગદર્શન હેઠળ સ્ટાફની જહેમત દ્વારા સફળ થયેલ આ કેમ્પની જિલ્લામાંથી અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. ધ્રુવે દ્વારા પણ મુલાકાત લેવામાં આવી હતી.

# દ્વારકા ખાતે ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના પ્રથમ દિવસે વિધિપૂર્વક પૂજા આરંભ કરાઈ





દ્વારકા તા. ૧૪

શ્રી શારદાવિદ્યાસભા સંચાલિત શ્રીશંકરાચાર્ય ગુરૂકુલમ્ દ્વારકા ખાતે ત્રિદિવસીય ભગવતી રાજરાજેશ્વરી ત્રિપુરાસુંદરી લલિતા માતાની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત પ્રથમ દિવસે અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતી મહારાજજી ના આશીર્વાદ સાથે બ્રહ્મચારી શ્રી નારાયણાનંદ જી, વિદ્વાન શ્રી અશ્વિનભાઈ ના આચાર્ય પદે વિશ્વકલ્યાણ મંડલના યજમાન શ્રી ઓ તેમજ શ્રી શંકરાચાર્ય મહાવિદ્યાલય, વેદ વિદ્યાલયના અધ્યાપકો, વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં પંચાંગ આદિ પૂજા વિધિપૂર્વક સમ્પન્ન કરાઈ. આવતીકાલે દ્વિતીય દિવસના પૂજા ક્રમમાં અધિવાસાદિ તથા સવિશેષ દેવતા પૂજનનો ક્રમ રહેશે.

# ઘાંટવડ ગામમાં આધાર કાર્ડ કેમ્પ કરવા ઉપસરપંચ નટવરસિંહ ઝાલા દ્વારા કલેકટરને રજૂઆત

ઉના તા. ૧૪

આધાર કાર્ડ આજના સમયમાં એક મહત્વપૂર્ણ દસ્તાવેજ બની ગયો છે. ઘણી સરકારી યોજનાઓ અને સેવાઓનો લાભ લેવા માટે આધાર કાર્ડ હોવું ખુબ જરૂરી છે.

ઘાંટવડ ગામમાં અંદાજીત ૧૨૦૦૦ જેટલી વસ્તી ધરાવતુ ગામ છે અને ગરીબ મધ્યમ વર્ગના લોકો વસવાટ કરે છે. હાલ સરકાર દ્વારા ફાર્મર રજીસ્ટ્રી તથા રાશનકાર્ડ કેવાયસી અપડેટ ચાલુ હોય તેથી, આધારકાર્ડમાં મોબાઈલ નંબર લિંક તથા નામો સુધારા વધારા જેવી અનેક સમસ્યા છે તેથી અનેક લોકો કેવાયસીથી વંચિત રહી ગયેલ હોય તેથી સરકાર દ્વારા આવતા કેવાયસી થતા નથી તેથી ઘાંટવડ ગામમાં આધારકાર્ડનો કેમ્પ રાખવા ઘાંટવડ ગામના જાગૃત નાગરિક અને ઉપ સરપંચ નટવરસિંહ ઝાલા દ્વારા કલેકટર કચેરીએ રજૂઆત કરવામાં આવી છે.

### વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું

# અન્ય પડોશીઓની જેમ ભારત પણ પાકિસ્તાન સાથે સારા સંબંધો ઈચ્છે છે

નવી દિલ્હી, તા.૧૪

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે શુક્રવારે (૧૩ ડિસેમ્બર, ૨૦૨૪) લોકસભામાં કહ્યું કે ભારત અન્ય પડોશી દેશોની જેમ પાકિસ્તાન સાથે સારા સંબંધો ઈચ્છે છે, પરંતુ અમે આતંકવાદ મુક્ત પાડોશી ઈચ્છીએ છીએ. જયશંકરે આ વાત ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવપૂર્ણ સંબંધોને સુધારવા માટે સરકાર દ્વારા ઉઠાવવામાં આવેલા પગલા અંગેના એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે આતંકવાદ પર ભારતનું વલણ એકદમ સ્પષ્ટ છે અને પાકિસ્તાનને પણ આ વાત વારંવાર વ્યક્ત કરવામાં આવી છે. આ પાકિસ્તાનીઓને બતાવવા માટે છે કે તેઓ તેમના જૂના વર્તનને બદલી રહ્યા છે કે નહીં, જો તેઓ નહીં બદલાય તો તેની અસર દ્વિપક્ષીય સંબંધો પર પડશે. ભારતીય જનતા પાર્ટીના સાંસદ નવીન જિંદાલે લોકસભામાં તેમને પૂછ્યું હતું કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો સુધારવા માટે સરકાર શું કરી રહી છે.

નવીન જિંદાલના સવાલો પર જયશંકરે કહ્યું, 'જો આપણે પાકિસ્તાન સાથે સંબંધો સુધારવાની વાત કરીએ તો અન્ય પડોશીઓની જેમ અમે પણ પાકિસ્તાન સાથે સારા સંબંધો ઈચ્છીએ છીએ, પરંતુ અન્ય પડોશીઓની જેમ અમે પણ ઈચ્છીએ છીએ કે પાકિસ્તાન આતંકવાદ બંધ કરે. અમે સ્પષ્ટ કર્યું છે કે પાકિસ્તાને ભૂતકાળમાં જે વલણ અપનાવ્યું છે તેને બદલવું પડશે અને જો તે આમ નહીં કરે તો તેની અસર સંબંધો પર પડે તે સ્વાભાવિક છે. તેથી આ મામલે બોલ પાકિસ્તાનના કોર્ટમાં છે અને તે જાણે છે કે જે પણ કરવાનું છે.

તેમણે કહ્યું કે ભારતે પાકિસ્તાન સાથે વારંવાર સરહદ પારના આતંકવાદનો મુદ્દો ઉઠાવ્યો છે અને ભારપૂર્વક કહ્યું છે કે આતંકવાદ અને વાટાઘાટો એકસાથે ન ચાલી શકે. જયશંકરે વ્યાપારી સંબંધો બગડવા માટે પાકિસ્તાનને જવાબદાર ઠેરવ્યું અને કહ્યું કે વર્ષ ૨૦૧૯માં તેમની સરકારે એવા નિર્ણયો લીધા જેના કારણે વિક્ષેપ થયો. આ તે બાબત છે જેના પર તેણે શરૂઆત કરી હતી.

નોંધનીય છે કે, વિદેશ મંત્રી એસ જયશંકરે શુક્રવારે ૧૫મી ભારત-સંયુક્ત આરબ અમીરાત જોઈન્ટ કમિશનર્સ મીટિંગમાં ભાગ લીધો હતો.

આ દરમિયાન વિદેશ મંત્રીએ કહ્યું કે ભારત અને ેછઈના ક્ષેત્રમાં સ્થિરતા, સુરક્ષા અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવામાં સમાન હિત છે. યુએઈના વિદેશ મંત્રી શેખ અબ્દુલ્લા બિન જાયદ અલ નાહયાન પણ પ્રતિનિધિમંડળ સાથે આ બેઠકમાં ભાગ લીધો હતો.

જશવંતપુર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે શ્રી ઉમિયાધામ મંદિરનું ખાતમૂહુર્ત કરાયું

# "શ્રેષ્ઠ સમાજના નિર્માણ માટે સંસ્કાર સિંચન અને રાષ્ટ્ર નિર્માણ-સાંસ્કૃતિક ધરોહરની રક્ષા માટે આધ્યાત્મિક અધ્યનની ચેતના સાથે સંગઠનાત્મક શક્તિ જરૂરી" : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ






(પ્રતિનિધી દ્વારા)

રાજકોટ તા.૧૪

રાજકોટ ખાતે વિવિધ વિકાસલક્ષી કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા હતા. મુખ્યમંત્રીનું એરપોર્ટ ખાતે અધિકારીઓ-સ્થાનિક અગ્રણીઓએ પુષ્પગુચ્છ આપી ઉષ્માભેર સ્વાગત કરી આવકાર્યા હતા.

જિલ્લાના જશવંતપુર ગામ ખાતે ૧૦ એકરમાં ઉમિયાધામ મંદિરના ખાતમૂહુર્ત પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, શ્રેષ્ઠ સમાજના નિર્માણ માટે સંસ્કાર સિંચન અને રાષ્ટ્ર નિર્માણ-સાંસ્કૃતિક ધરોહરની રક્ષા માટે આધ્યાત્મિક અધ્યનની ચેતના સાથે સંગઠનાત્મક શક્તિ જરૂરી હોય છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમાજ શક્તિથી રાષ્ટ્ર નિર્માણ અને ધર્મ સેવા સાથે સાંસ્કૃતિક ધરોહર, આધ્યાત્મિક ચેતનાના વિશિષ્ટ કાર્યો થયા છે. વડાપ્રધાન દ્વારા અયોધ્યામાં રામ મંદિર, કાશી, અંબાજી, મહાકાલ કોરિડોર, સોમનાથ તેમજ રામાયણ સર્કિટ, બૌદ્ધ સર્કિટ, વિવેકાનંદ સર્કિટ સાથે વિકાસ અને વિરાસતને ગૌરવાન્વિત ઊંચાઈ પર લઈ જવાનું કાર્ય થયું છે. રાજકોટ ખાતેના ઉમિયાધામના નિર્માણ હેતુ રાજ્ય સરકારે દસ એકર જમીન ફાળવી છે. જેમાં યુવાનો માટે સ્કીલ ડેવલપમેન્ટ, વૃદ્ધો માટે એમ્યુઝમેન્ટ પાર્ક સહિતના સમાજોપયોગી કાર્ય થશે. સમાજની પ્રગતિ સંસ્કારોથી થતી હોય છે. સમાજમાં સંસ્કાર સિંચન અને સામાજિક કાર્યોમાં જો આધ્યાત્મિક શક્તિ ભળે તો સમાજમાં દૂષણ આવતું અટકે છે. શ્રેષ્ઠ સમાજના નિર્માણ માટે સંસ્કાર સિંચન અને રાષ્ટ્ર નિર્માણ માટે આધ્યાત્મિક ચેતના જરૂરી છે. આ દિશામાં રાજ્ય સરકાર તેમજ સેવ ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા "સેવ કલ્ચર" ઝુંબેશ હાથ ધરી વિશિષ્ટ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પાટીદાર સમાજ દ્વારા આરોગ્ય, શિક્ષણ (છાત્રાલયો) જેવા ધર્મ સેવા સાથે જનસેવાના ઉત્તમ કાર્યો થઈ રહ્યા છે. ઉમિયાધામના નિર્માણ માટે જોડાનાર દાતાઓ, સ્વયંસેવકો અન્ય સમાજોને પ્રેરિત કરે છે. પાટીદાર સમાજે પરંપરા અને આધુનિકતાનો સમન્વય સાધ્યો છે, જે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્ર નિર્માણના કાર્યોમાં સહભાગી થશે. આ માટે મુખ્યમંત્રીએ ઉમિયાધામના આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે મા ઉમાની ભક્તિ સાથે સમાજના સર્વાંગી વિકાસના કાર્યો થતાં ભક્તિ સાથે સમાજમાં શકિતનો પણ સંચાર થશે તેમ જણાવી સમાજને રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બનવા આહવાહ્ન કર્યું હતું.

સાંસદ પુરૂષોત્તમભાઈ રૂપાલાએ આ તકે પોતાના સંબોધનમાં જણાવ્યું કે, રાજકોટનું ઉમિયાધામ શ્રધ્ધાનું કેન્દ્ર તો બનશે જ સાથો સાથ આ ઉમિયાધામ સામાજિક સંસ્થાના માધ્યમથી યુવાનોને વિકસવાની ઉત્તમ તકો ઉપલબ્ધ કરાવશે. ઉમિયાધામનાં માધ્યમથી વિરાસત સાથે વિકાસને જોડવાનું કામ રાજ્ય સરકાર કરી રહી છે.

આ ખાતમૂહુર્ત પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો શુભેચ્છા સંદેશ વિડીયો પ્રસારિત કરવામાં આવ્યો હતો. મહાનુભાવોના હસ્તે દાતા, આગેવાનોને મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં ઉમિયાધામ સંસ્થાના પ્રમુખ અરવિંદભાઈ પટેલ, ઉપપ્રમુખ નંદલાલભાઈ માંડવીયા તેમજ ઊંઝા ઉમિયાધામના પ્રમુખ બાબુભાઈ પટેલ દ્વારા પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય સર્વઓ ડો. મહેન્દ્રભાઈ પાડલિયા, રમેશભાઈ ટીલાળા, કાંતિભાઈ અમૃતીયા, રાજકોટના રાજવી માંધાતાસિંહ જાડેજા, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા,આગેવાન રાજુભાઈ ધ્રુવ, ડો. વલ્લભભાઈ કથીરિયા, સિદસર મંદિરના ટ્રસ્ટી મૌલેશભાઈ ઉકાણી સહિતના આગેવાનો તથા રાજકોટના મેયર મતી નયનાબેન પેઢડીયા, રેન્જ આઈ.જી અશોક યાદવ, પોલીસ કમિશનર બ્રિજેશ કુમાર ઝા, નિવાસી અધિક કલેકટર એ. કે. ગૌતમ, જિલ્લા પુરવઠા અધિકારી રાજેબેન વંગવાણીકૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયા, સંસદ સભ્ય પુરુષોત્તમભાઈ રૂપાલા, જિલ્લા કલેકટર પ્રભવ જોષી, જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હણે, રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક હિમકર સિંઘ, તથા સ્થાનિક અગ્રણીઓએ અને બહોળી સંખ્યામાં પાટીદાર સમાજના ભાઈઓ- બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ ખાતેથી રૂા. ૭૯૩.૪૫ કરોડના વિકાસ કાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરતા મુખ્યમંત્રી

# દેશમાં ઈઝ ઓફ લિવિંગ અને હેપ્પીનેસ ઈન્ડેક્સમાં સતત વૃદ્ધિ;વડાપ્રધાનશ્રીની "ગુડ ગવર્નન્સ"ની સર્વગ્રાહી પ્રણાલી શહેરને આઈકોનિક સીટી તરીકે વિકસાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ : મુખ્યમંત્રી




**વર્ષ ૨૦૦૨-૦૩માં રાજ્યનું શહેરી વિકાસ બજેટ રૂા.૭૫૦ કરોડ હતું તે આજે રૂ. ૨૧,૬૦૦ કરોડથી વધુનું થયું છે :રાજકોટ મહાનગરપાલિકાની શહેરી બસ પરિવહન સેવામાં ૨૨ નવી સીએનજી બસ તેમજ ડ્રેનેજ વિભાગના નવા ૭ જેટિંગ મશીન વાહનોને ફ્લેગ ઓફ કરાવ્યું**

(પ્રતિનિધી દ્વારા)

રાજકોટ તા.૧૪

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટ ખાતેથી રૂ. ૭૯૩.૪૫ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતા. શહેરના રેસકોર્સ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં સંબોધન કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વિકસિત ગુજરાત વિઝનમાં સુદ્રઢ શહેરી વિકાસનું આયોજન રાજ્ય સરકારે કર્યું છે. દેશમાં ઈઝ ઓફ લિવિંગ અને હેપ્પીનેસ ઈન્ડેક્સમાં સતત વૃદ્ધિ થઈ છે. વડાપ્રધાનશ્રીની "ગુડ ગવર્નન્સ"ની સર્વગ્રાહી પ્રણાલી શહેરને આઈકોનિક સીટી તરીકે વિકસાવવા, વિકસિત ગુજરાતજ ૨૦૪૭ના રોડ મેપને ધ્યાનમાં રાખીને ફ્યુચરિસ્ટિક સિટી ડેવલપમેન્ટ અને શહેરી સુખાકારીને આગળ ધપાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. તેમણે કહ્યું કે, એક અંદાજ પ્રમાણે વર્ષ ૨૦૪૭ સુધીમાં રાજ્યની ૭૦% વસ્તી શહેરોમાં વસવાટ કરતી હશે ત્યારે ભવિષ્યમાં ઊભી થનારી જરૂરિયાતો ધ્યાનમાં રાખીને વિકાસનું આયોજન કરવામાં આવે છે.

તેમણે રાજકોટ મહાનગરપાલિકાની શહેરી બસ પરિવહન સેવામાં ૨૨ નવી સીએનજી બસ તેમજ ડ્રેનેજ વિભાગના નવા ૭ જેટિંગ મશીન વાહનોને ફ્લેગ ઓફ કરાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ રાજકોટમાં રૂ. ૨૨૪.૨૬ કરોડના વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્ત અને રૂ. ૫૬૯.૧૯ કરોડના વિકાસકામોના લોકાર્પણ કર્યા હતા.

તેમણે આ પ્રસંગે ઉમેર્યુ કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વધતા જતા શહેરીકરણના પડકારને વિકાસ અવસરમાં પલટાવીને શહેરી જનજીવન સુખાકારી માટે બજેટ વધાર્યું અને નાણાના અભાવે કોઈ વિકાસ કાર્ય અટકે નહીં તે પણ સુનિશ્ચિત કર્યું છે. રાજ્યનું શહેરી વિકાસ બજેટ કે જે વર્ષ ૨૦૦૨-૦૩માં રૂ. ૭૫૦ કરોડ હતું તે આજે વધીને રૂ. ૨૧,૬૦૦ કરોડથી વધુનું થયું છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે એક સમયે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં જે પાંચ-પચીસ લાખના બજેટ બનતા ત્યાં હવે એક જ દિવસમાં કરોડો રૂપિયા વિકાસકામો માટે અપાઈ રહ્યા છે.

રાજ્ય સરકારે પાછલા ત્રણ જ વર્ષમાં રાજકોટ મહાનગરને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, મુખ્યમંત્રી શહેરી સડક યોજના અને ફ્લાયઓવર બ્રિજ માટે કુલ અંદાજે રૂ. ૯૭૦ કરોડની ફાળવણી કરી છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સ્માર્ટ સિટીને શોભે તેવા ૧૪ લાખ આવાસોના નિર્માણ સાથે ગુજરાત દેશમાં અગ્રેસર બન્યુ છે ત્યારે આજે રાજકોટના આંગણે વધુ ૧૨૨૦ આવાસો લાભાર્થી પરિવારોને ફાળવવા માટેનાં અવસરમાં સહભાગી બનવા માટે મુખ્યમંત્રીશ્રીએ આનંદ વ્યક્ત કર્યો હતો.

ગુજરાત દેશનું આર્થિક પાટનગર બની રહ્યું છે, ત્યારે રાજકોટ શહેરનો પણ રાજ્યના અન્ય શહેરોની જેમ વિકાસ કરવા રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ છે. રાજકોટ શહેરને આઈકોનિક સીટી તરીકે વિકસાવવાની રાજ્ય સરકારની નેમ છે તેમ જણાવતા તેમણે સ્વચ્છતાને સ્વભાવ બનાવીને રાજકોટને ઈકોફ્રેન્ડલી અને પ્રદૂષણમુક્ત બનાવવા પણ સૌને આગ્રહભેર અનુરોધ કર્યો હતો.

મેયરશ્રી નયનાબેન પેઢડીયાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં તેમજ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ડબલ એન્જિનની સરકારે રાજકોટના વિકાસને હંમેશા પ્રથમ પ્રાથમિકતા આપી છે, જેના પ્રતાપે આજે રાજકોટ સૌરાષ્ટ્રનું હબ બન્યું છે. અટલ સ્માર્ટ સિટીના નિર્માણથી નાગરિકોને અધતન સુવિધાઓ પ્રાપ્ત થશે, તેમ મેયરશ્રીએ ઉમેર્યુ હતું.

કાર્યક્રમની શરૂઆતમાં મંત્રીશ્રીઓ, સાંસદશ્રી, ધારાસભ્યો, કોર્પોરેટરો તથા શહેરના પ્રબુદ્ધ નાગરિકોએ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને પુષ્પગુચ્છ તથા સ્મૃતિચિન્હ ભેટ કરી આવકાર્યા હતા. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જૈમીન ઠાકરે સ્વાગત પ્રવચન કર્યુ હતું, જ્યારે મ્યુનિસિપલ કમિશનરશ્રી તુષાર સુમેરાએ પ્રાસંગિક પ્રવચનમાં સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે સ્માર્ટ સિટી અને અટલ સરોવર અંગેની ટૂંકી ડોક્યુમેન્ટ્રી ફિલ્મ પણ પ્રસારિત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં દિવ્યાંગ પેરાસ્વિમરશ્રી નીતિબેન રાઠોડને રૂ. ૫૧ હજારનો ચેક આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં "પ્રધાનમંત્રી આવાસ યોજના" અંતર્ગત નિર્માણાધીન ૧.૫ બીએચકેના ૧૨૨૦ આવાસોની ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો કરી લાભાર્થી પરિવારોને મુખ્યમંત્રીશ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે આવાસની ચાવી સોંપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મંત્રીસર્વશ્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રી કુંવરજીભાઈ બાવળિયા અને શ્રી ભાનુબેન બાબરીયા, સાંસદશ્રી પરસોત્તમભાઈ રૂપાલા અને શ્રી રામભાઈ મોકરીયા, ધારાસભ્યશ્રીઓ ડો. દર્શિતાબેન શાહ, શ્રી ઉદયભાઈ કાનગડ, શ્રી રમેશભાઈ ટીલાળા, ડેપ્યુટી મેયરશ્રી નરેન્દ્રસિંહ જાડેજા, જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોશી, પૂર્વ સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયા, અગ્રણીશ્રીઓ શ્રી ભરતભાઈ બોઘરા, શ્રી મુકેશભાઈ દોશી, શ્રી લીલુબેન જાદવ, શ્રી મનીષભાઈ રાડિયા, શ્રી માધવભાઈ દવે, શ્રી રાજુભાઈ ધ્રુવ સહિતનાં પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## માણાવદરથી જૂનાગઢ વચ્ચેના વંથલીના દિલાવરનગર અને નરેડી પાસે બાયપાસ રોડ બનાવવા કોંગ્રેસની માંગ

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૧૪

જૂનાગઢ જિલ્લાના કોંગ્રેસી મહામંત્રી વી.ટી. સિડાએ યાદીમાં જણાવેલ છે કે જૂનાગઢ જિલ્લાના વંથલી સિટીમાંથી પસાર થતા માણાવદર, પોરબંદર તરફ જતા રોડ ઉપર નરેડી ગામ નજીક પસાર થાય છે. જેમાં ગંભીર અકસ્માતો સર્જાયા છે જે રસ્તો વળાંક વાળો રસ્તો છે. જેથી અનેક અકસ્માતો થાય છે તેને બાયપાસ રોડ બનાવવા માટેની માંગ કરી છે. જેથી રસ્તાને સીધો બનાવી વળાંક કાઢી નાખવામાં આવે તો અકસ્માતો નિવારી શકાશે. તેવી રીતે વંથલી ગામમાંથી પસાર થતા રોડમાં અનેક વણાંક વાળો રસ્તો છે. જે રસ્તો બાયપાસ રોડ સીધો દિલાવરનગર પાસે કાઢી ફોર ટ્રેક સાથે જોડી દેવામાં આવે તો અકસ્માતો નિવારી શકાય તેમ છે. વંથલી ગામ કાયમી અકસ્માતો નિવારી શકાશે ટ્રાફિક જામ સમસ્યા દૂર થશે. જેથી વારંવાર પ્રજાને નુકસાની વેઠવી પડે તે ઉકેલ આવશે. ઈમર્જન્સી વાહનો સીધા હાઈવે ઉપરથી દર્દીને દવાખાને ખસેડવામાં મદદ થશે. માનવ જિંદગી બચાવવા મોટી કામગીરી થય સક્સે યુદ્ધ કે કુદરતી આપતી વખતે સારા રસ્તા કામ આવે. અનેક માનવ જિંદગી બચાવવા ટ્રાફિક નિવારવા પેટ્રોલ, ડીઝલ, સીએનજી બચત થશે તેવી માંગ સાથે કોંગ્રેસ નેતા વી.ટી. સિડાએ વંથલી અને નરેડી બંનેમાં બાયપાસ રોડ બનાવવા માંગ છે.

## જૂનાગઢના જોષીપરામાં યુવકનો ગળેફાંસો ખાઈ આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ શહેરના જોષીપરા વિસ્તારમાં આવેલ રાધિકા પાર્ક બ્લોક-૨માં રહેતા યુવાને કોઈ કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું બી ડીવીઝન પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે રાજેશભાઈ ભીમશંકરભાઈ દવેએ જાહેર કરેલ કે મૃતક મીત મહેશભાઈ તોરૈયા (ઉ.વ.૧૯)એ કોઈ કારણોસર પંખાના હુકમાં સાલ ભરાવી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

**કેશોદમાં આધેડનો ગળેફાંસો ખાઈ આપઘાત**

કેશોદના અમૃતનગર રોડ પર રહેતા નીતીનભાઈ બાબુભાઈ ગઢીયા (ઉ.વ.૫૦) એ ધંધાના ભાષણ તથા ટેન્શનના કારણે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું મૃતકના ભાઈ મનોજભાઈએ કેશોદ થાણે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

## જૂનાગઢના જાગનાથ મંદિરે આવતીકાલે મેગા કેમ્પ યોજાશે

જૂનાગઢ તા.૧૪

શ્રી જાગનાથ મહાદેવ મંદિર ની આજુબાજુની દરેક સોસાયટીના બંગલા, ટેનામેન્ટ, ફ્લેટસ તથા વોર્ડ નંબર ૧૧ માં રહેતા તમામ લોકો માટે શ્રી જાગનાથ મહાદેવ મંદિર ખાતે ગઈકાલે તા. ૧૫/૧૨/૨૦૨૪ નાં રવિવારે સવારે ૯ થી ૪ દરમ્યાન "મેગા કેમ્પ" નું આયોજન કરવામાં આવેલ છે.

૧) આધાર માં મોબાઈલ નંબર લીંકીંગ, ૨) રેશનકાર્ડ નું નવા નિયમ મુજબ કેવાયસી ૩) ૭૦ વર્ષ કે તેથી વધુ વયના તમામે તમામ વડીલો, બુઝર્ગો, વરિષ્ઠ નાગરિકો માટે સરકારશ્રી ની મફત સારવાર (ઓપરેશન) યોજના "આયુષ્માન ભારત" નાં નવા કાર્ડ ઈસ્યુ ની કામગીરી તથા, ૪) જેમની પાસે ૫ લાખનું કાર્ડ હશે એમને આ નવા ૧૦ લાખ નાં કાર્ડ માં અપડેટ કરી આપવામાં આવશે. ૫) મ. ન. પા. નાં નવા નિયમ મુજબ ભીનાં કચરા અને સુકા કચરા માટેની બંને ડોલ હાઉસટેક્સ ભરેલી પહોંચ બતાવીને સ્થળ ઉપર ત્યાં જ તરત મેળવી શકાશે. જેના માટે મનપા ખાતે ધક્કો ખાવાની જરૂર નહીં રહે.

આ ઉપરાંત જાગનાથ મંદિર ખાતે રક્તદાન માટેનું પણ આયોજન કરવામાં આવેલ છે. સામાજીક અને માનવતાવાદી કાર્યોનો સૌ લાભ લ્યે તેવો અનુરોધ શ્રી જાગનાથ મહાદેવ મંદિર નાં પ્રમુખશ્રી રાજુભાઈ જોબનપુત્રા અને કારોબારી સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવેલ છે.

## જૂનાગઢ જીલ્લા નિવૃત પ્રાથમિક શિક્ષક સંઘનું સંમેલન મોકુફ રખાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪


જૂનાગઢ જિલ્લા નિવૃત પ્રાથમિક શિક્ષક સંઘની યાદી જણાવે છે કે, જિલ્લાનું સંમેલન તા.૨૦-૧૨-૨૦૨૪ના રોજ રાખવામાં આવેલ હતું. તે અનિવાર્ય સંજોગને કારણે બંધ રાખવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય કર્મચારી સખાવતી મંડળ, વડોદરા દ્વારા જૂનાગઢ જિલ્લાના ૩૫૮ શિક્ષકોના ઉચ્ચતર પગારનું ઉઘરાણું કરતા સસ્પેન્ડ કરેલ છે. આ બાબતમાં અન્ય સ્થાનિક મંડળે આપણા મંડળનો વિરોધ કરતાં શિક્ષકોમાં અવળી રજુઆત કરતાં અને ખોટો પસાર કરતા હોવાથી શિક્ષકોમાં વિખવાદન થાય તે માટે તા.૨૦-૧૨-૨૦૨૪નું સંમેલન હાલ પુરતું મોકુફ રાખવામાં આવે છે. હવે પછી કારોબારીની મંજુરી લઈ નવી તારીખ જાહેર કરવામાં આવશે તેમ એક યાદીમાં જણાવેલ છે.



### નાના ધંધાર્થીઓના દબાણો દુર કરનાર મનપા તંત્ર મોટા માથાના દબાણો કેમ દુર કરી શકતું નથી ??

# જૂનાગઢમાં નાના વેપારીઓના દબાણ દુર કર્યા પરંતુ વૈકલ્પીક વ્યવસ્થા ક્યારે અપાશે ?







## શહેરના અનેક વિસ્તારોમાં રસ્તા ઉપરના દબાણો દુર કરવાની ઝુંબેશ અંતર્ગત કોર્પોરેશનનું બુલડોઝર ફરી વળતા નાના વેપારીઓ પર વજ્રઘાત : ધંધા વિહોણા બની ગયેલા આ નાના ધંધાર્થીઓને તાત્કાલીક અસરથી વૈકલ્પીક જગ્યા ફાળવવાની બુલંદ માંગણી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ શહેરમાં કોર્પોરેશનની દબાણ શાખા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં રસ્તા ઉપરના દબાણો દુર કરવાની મોટેપાયે કામગીરી ચાલી રહી છે. મોટા વેપારીઓની સાથેસાથે નાના વેપારીઓને પણ આડેહાથ લેતા અને રસ્તા ઉપર છુટક લારી-ગલ્લા, પાથરણા પાથરી અને રોજગારી મેળવતા અનેક લોકો આજે દબાણ હટાવના બહાના હેઠળ ધંધા વિહોણા બની ગયા છે અને રોજગારી મેળવવાના ફાફા થઈ રહ્યા છે ત્યારે નાના ધંધાર્થીઓને તાત્કાલીક અસરથી વૈકલ્પીક જગ્યા ફાળવવાની માંગણી ઉઠવા પામી છે.

જૂનાગઢ શહેરમાં અન્ય શહેરોની માફક શહેર સુશોભનની કામગીરી અંતર્ગત મુખ્ય માર્ગોને શણગારવામાં આવી રહ્યા છે એટલું જ નહી રસ્તા ઉપરના ડિવાઈડરની જગ્યાએ વૃક્ષનો પણ વાવેતર થઈ રહ્યું છે. તો બીજી તરફ ગેરકાયદેસર દબાણો દુર કરવાની જે લાંબા સમયની લોકોની માંગણી છે તેવા મોટા મગરમચ્છોના એટલે કે માથાઓના ગેરકાયદેસર બાંધકામોના ખડકલા હજુ જેમના તેમ પડ્યા છે પરંતુ હાલ રસ્તા પહોળા કરવાની કામગીરી અંતર્ગત જૂનાગઢ શહેરના અનેક વિસ્તારો જેવા કે રેલ્વે સ્ટેશનથી સુખનાથ ચોક સહિતના રસ્તાઓમાં બંને સાઈડના લારી, કેબિન, દુકાનો દુર કરવામાં આવી છે. આ ઉપરાંત ચિતાખાનાથી આઝાદ ચોક સુધીની બંને લાઈનો ઉપર પણ દબાણો દુર કરી નાખવામાં આવ્યા છે. આ ઉપરાંત સિવીલ હોસ્પિટલની આજુબાજુના દબાણો પણ દુર થયા છે. શહેરના અનેક વિસ્તારોમાં દબાણ હટાવવાની મોટાપાયે કામગીરી ચાલી રહી છે. ગઈકાલે જૂનાગઢ શહેરના એમજી રોડ, માંગનાથ રોડ, પોસ્ટ ઓફિસ રોડ તેમજ પંચહાટડી ચોક વિગેરે વિસ્તારોમાંથી પણ દુકાનદારોના હોર્ડીંગ્સ, ઓટલા વિગેરે પણ દુર કરવામાં આવ્યા છે અથવા તો તેઓને ચેતવણી આપવામાં આવી છે કે રસ્તા ઉપરના આ દબાણો દુર કરવા અને જો નહી કરવામાં આવે તો આકરો દંડ પણ વસુલ કરવામાં આવેલ છે. કેટલીક દુકાનોને સીલ કરવાની કામગીરી પણ ચાલી રહી છે. જેમાં લીલા વાશે સુકુ બળે તે અંતર્ગત જૂનાગઢ શહેરમાં પણ એવું બનવા પામ્યું છે. ખાસ કરીને નાના પાયે ધંધા-રોજગાર કરી પોતાનું તથા પરિવારનું ગુજરાન ચલાવતા પાથરવાળા, લારીવાળા, ગલ્લાવાળા કે નાના ધંધાર્થીઓ માંથે આફતનો પહાડ તુટી પડયો હોય તેવું લાગે છે. મોંઘવારીના આ સમયમાં જેમ તેમ કરીને બે છેડા મેળવવા માટે રાત-દિવસ રોજગારી કરી આવક મેળવવા માંગતા આ નાના ધંધાર્થી-વેપારીઓ કે જે રસ્તાની ફુટપાથ ઉપર રોજેરોજ બેસી કેબિનો, લારી અને પાથરણા પાથરી રોજગારી મેળવતા હોય તેઓના પણ પાથરણા, લારી, કેબિન, ગલ્લાઓ વિગેરે હટાવી લેતા આજે જૂનાગઢ શહેરમાં સંખ્યાબંધ નાના વેપારીઓ રોજગાર વિહોણા બની ગયા છે. એક તો રોજગારી સરકાર આપી શકે તેમ નથી તેવા સંજોગોમાં આ નાના વેપારીઓની દબાણના બહાના હેઠળ રોજગારી છીનવાઈ ગઈ છે ત્યારે નાના વેપારીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે અને સબંધીત તંત્ર દ્વારા આવા નાના ધંધાર્થીઓ ધંધા-રોજગાર કરી શકે એટલે તાત્કાલીક અસરથી વૈકલ્પીક જગ્યા ફાળવવાની બુલંદ માંગણી ઉઠવા પામી છે.

જૂનાગઢ શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી રસ્તા ઉપરના દબાણો દુર કરવામાં આવી રહ્યા છે. આકરા દંડ ફટકારવામાં આવી રહ્યા છે તો બીજી તરફ દુકાનોને સીલ પણ કરવામાં આવી રહી છે. સુકા ભેગું લીલું પણ બળે તેવી સ્થિતિ જૂનાગઢમાં સર્જાણી છે. જેને પોતાની દુકાન કરતા વધારે જગ્યા દબાવી હોય તેવા વેપારીઓને તેમના દબાણો દુર કરવાની ફરજ પાડવી તે બરોબર છે પરંતુ નાના પાયે ધંધો કરનારના લબાચા ઉપાડી લેવા તે કેટલે અંશે વ્યાજબી છે ? આ સાથે શહેરમાં એવી પણ ચર્ચા થઈ રહી છે કે દબાણો દુર કરવાની કામગીરી કોર્પોરેશને હાથ ધરી છે ત્યારે મોટા મગરમચ્છોએ જે ગેરકાયદેસર બાંધકામોના ખડકલા કર્યા છે જો તેને પણ દુર કરવામાં આવશે તો નગરજનો કર્પોરેશનના આ તંત્રને ફુલહારથી વધાવી લેશે.

# જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં ધાર્મિક સ્થાનોને નિશાન બનાવવાનું ષડયંત્ર ?




## અંબાજી મંદિર, ભવનાથ મંદિરના વિવાદ બાદ સતાધારની પુરાણપ્રસિધ્ધ જગ્યાનો પણ ચાલતા વિવાદ જાણીબુજીને ચલાવાતો નથી ને તેવો ઉઠતો સવાલ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

સોરઠ પંથક એટલે ૩૩ કરોડ દેવતાનો જયાં વાસ છે તેવા પવિત્ર આ ભૂમિ ઉપર છેલ્લા કેટલાક સમયથી ધાર્મિક સ્થાનો ઉપર જે ગાદી મેળવવા માટેના કૌભાંડો આચરવામાં આવ્યા છે કે થઈ રહ્યા છે તેને લઈને ભાવિકોમાં અને સેવકગણમાં આઘાતની લાગણી વ્યાપી ગઈ છે. લોકોની આસ્થાના કેન્દ્ર એવા અંબાજી માતાજી મંદિરના મહંત તનસુખગીરી બાપુના બ્રહ્મલીન બાદ અંબાજી મંદિર, ભીડભંજન મંદિર અને ધાર્મિક સ્થાનો ઉપર ગાદી મેળવવા માટેના જે પ્રપંચ થયા અને એક તકે ભૂતનાથ મહાદેવ મંદિરના મહંત મહેશગીરી બાપુએ આ કહેવાતા કૌભાંડો ખુલ્લા પાડી અને જવાબદારો સામે રીતસરની લડાઈ શરૂ કરી અને છેલ્લે ધર્મસભામાં પણ ગિરનાર ઉપર ખોટું તો નહી થવા દઉ તેવો સંકલ્પ જયારે જારી કર્યો છે ત્યારે મોટાભાગના સંતો મહેશગીરી બાપુ તરફી સામે આવ્યા છે. આ દરમ્યાન જૂનાગઢ નજીક આવેલા સુપ્રસિધ્ધ સતાધારની જગ્યાના મહંત વિજયબાપુ સામે પણ તેમના જ પૂર્વાશ્રમના ભાઈ દ્વારા ગંભીર પ્રકારના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે અને મિડીયા સમક્ષ આવી અને સતાધારની જગ્યા બાબતે બેફામ મંતવ્યો આપવામાં આવી રહ્યા છે તો બીજી તરફ વિજયબાપુએ પોતાની ઉપર થયેલા તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા હતા અને આ દરમ્યાન ગઈકાલે જ ગિરનાર છાયા મંડળના સંતો પૂ. મહેશગીરી બાપુ અને અન્ય સંતો સતાધાર ખાતે દોડી ગયા હતા. આપાગીગાના દર્શન કરી અને વિજયબાપુને પોતાનો સહયોગ આપ્યો હતો તેમજ તેઓએ વિજયબાપુની તરફેણમાં પોતાના નિવેદન પણ આપ્યા છે અને આ સાથે ભૂતનાથ મહાદેવ મંદિરના મહંત અને ગિરનાર છાયા મંડળના પૂ. મહેશગીરી બાપુએ જણાવ્યું હતું કે ધાર્મિક જગ્યાઓને લૂંટારૂઓ કબ્જે કરવાના ષડયંત્રો કરી રહ્યા છે અને તેની સામે આજે સર્વે સંતોએ એક થવાની જરૂર છે અને એટલા માટે જ અમે સંતો આજે વિજયબાપુની સમક્ષ આવ્યા છીએ અને સતાધારની જગ્યા અતિ પવિત્ર જગ્યા છે અને આ પવિત્ર જગ્યાના ગાદી પતિ વિજયબાપુ દ્વારા વિવાદ થાય તેવા કોઈપણ કાર્યો કર્યા નથી. સેવાકીય, ધાર્મિક અને અનેક આ સંસ્થા સંચાલિત પ્રવૃતીના કારણે તેમજ પૂ. શામજી બાપુ અને આપાગીગાની આ જગ્યા તરફ સેવકગણને વિશેષ આસ્થા છે ત્યારે આ જગ્યા પાવનકારી અને પવિત્ર છે તેવી આ જગ્યાના મહંત વિજય બાપુ ઉપર જે આક્ષેપો થઈ રહ્યા છે તે પાયા વિહોણા છે પરંતુ સૌ સમક્ષ જે સત્ય હકિકત છે તે લોકો સમક્ષ મુકવા માટે, સંતો સમક્ષ મુકવા માટે એક ધર્મસભા પણ બોલાવવી જોઈએ તેવી અમે વિજય બાપુ સમક્ષ લાગણી વ્યકત કરી છે તેમ મહેશગીરી બાપુએ જણાવ્યું હતું.

અત્રે નોંધનીય છે કે પવિત્ર એવી આ ભોમકા એટલે સોરઠ પંથકના ધાર્મિક સ્થળોને એક પછી એક નિશાન બનાવવામાં આવી રહ્યા છે ત્યારે કોઈ ભયંકર ષડયંત્ર રચાયું હોય તેવી ચર્ચાઓ સામાન્ય જનતામાં થઈ રહી છે.

## વંથલીના લુશાળા નજીક ટ્રકે મોટર સાઈકલને હડફેટે લેતા મહિલાનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

વંથલી તાલુકના લુશાળા ગામ રેલ્વે ફાટકથી આગળ જતા માર્ગ ઉપર એક ટ્રકે પાછળથી મોટરસાઈકલને ઠોકર મારી હડફેટે લેતા એક મહિલાનું ગંભીર ઈજા થવાના કારણે મૃત્યું થયું છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર મુકેશભાઈ સોમાભાઈ બથવાર(ઉ.વ.પ૦) રહે.જી.પી. હાઈસ્કૂલની સામે, મેંદરડા વાળાએ ટ્રક નંબર જીજે-૩૭-ટી-૮પ૬૨ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધવી છે કે, આ કામના ટ્રક રજી. નં.જીજે-૩૭-ટી-૮પ૬૨ના ચલાક ડ્રાઈવરે પુર ઝડપે અને બેફીકરાયથી પોતાના હવાલા વાળો ટ્રક ચલાવી ફરિયાદીની મો.સા.ને પાછળથી ઠોકર મારી હડફેટે લેતા ફરિયાદીના પત્ની દક્ષાબેન ટ્રક સાઈડ પાછળના વ્હીલમાં આવી ગયેલ જેને ડાબા પગમાં સાથળમાં તથા માથાના ભાગમાં ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવી નાશી જઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા વંથલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ તા.૬-૧૨-૨૦૨૪ કલાક ૧૬ દરમ્યાન બનવા પામ્યો હતો અને જેની ફરિયાદ ગઈકાલે વંથલી પોલીસમાં નોંધાવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

## જૂનાગઢ શહેરમાંથી અલગ-અલગ જગ્યાએ ચોરી કરેલ બે મોટરસાઈકલ સાથે એક આરોપીને ઝડપી લેતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ શહેરમાંથી અલગ-અલગ જગ્યાએથી ચોરી કરેલ બે મોટરસાઈકલ સાથે એક આરોપીને એ ડીવીઝન પોલીસે ઝડપી લીધેલ છે. એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પીઆઈ બી.બી. કોળીના માર્ગદર્શન હેઠળ વાહન ચોરીના બનાવ અંગે સર્વેલન્સ સ્ટાફના માણસો દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી અને આ દરમ્યાન પેટ્રોલિંગ કરતી વખતે મળેલી ચોક્કસ બાતમીના આધારે એક શખ્સ ચોરી થયેલ બે મોટરસાઈકલને નીચલા દાતારની જગ્યા પાસેના ગેઈટ નજીક એક દિવાલની આડમાં સતાડી રાખેલ છે અને મોટરસાઈકલ ચોરીમાં સંડોવાયેલો શખ્સ ત્યાં ઉભેલ છે તેવી બાતમીના આધારે ત્યાં તપાસ કરતા રોહીતજતી કુંદનજતી ગોસ્વામી જાતે બાવાજી નામના શખ્સને પોલીસે ઝડપી લઈ અને તેની પાસેથી બે મોટરાસઈકલ કે જે ચોરી થયાના હતા તે કબ્જે કરી આ શખ્સ વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

## જૂનાગઢનાં બીલખા રોડનો બનાવ : સામસામે બાઈક આવી જતાં પોલીસકર્મીને ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢના બીલખા રોડ પર સામસામે બાઈક આવી જવાની બાબતે ઉશ્કેરાઈ જઈ પોલીસકર્મી સાથે ગાળાગાળી કરી ધમકી આપ્યાની ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસ મથકે અનાર્મ પ્રો.એએસઆઈ બી ડીવીઝન શૈલેષભાઈ શીવાભાઈ પરમારે મોટર સાયકલ નં.જીજે-૧૧-૮૨૮૧ના ચાલક લખન રાજુ કોડીયાતર વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે આરોપીએ પોતાની બાઈક ફરીયાદી પોલીસ યુનિફોર્મમાં હોય તેમ છતા સામસામે મોટર સાયકલ આવી જવાની બાબતે બોલાચાલી કરી ફરીયાદી ઉપર મોટર સાયકલ નાખી, ગાળાગાળી કરી ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ ચોહાણે હાથ ધરી છે.

## જૂનાગઢમાં રહેણાંક મકાનમાંથી સોનાના દાગીના, રોકડ સહિત રૂા.૭.૩૦ લાખની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ શહેરમાં રહેણાંક મકાનમાંથી સોનાના દાગીના અને રોકડ મળી કુલ રૂા.૭.૩૦ લાખની ચોરી થયાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે રોહિતકુમાર મહેશભાઈ હરવાણી (ઉ.વ.૩૩) રહે.ખોડીયાર નગર-૧, હનુમાન મંદિર વાળી શેરીમાં, ગુરૂદ્વારા રોડ, આંબાવાડી, જોષીપરા જૂનાગઢ વાળાએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ફરિયાદીના રહેણાંક મકાનમાંથી અજાણ્યા ચોર ઈસમે ફરિયાદી તથા તેના પરિવારના સભ્યોની જાણ બહાર ગેરકાયદેસર પ્રવેશ કરી સોનાના દાગીના રૂા.૭ લાખ તથા રોકડ રૂા.૩૦ હજાર મળી કુલ રૂા.૭.૩૦ લાખની ચોરી કરી ગયેલ હોવાની ફરિયાદ નોંધાવતા બી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



ગુજરાત રાજ્ય
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ



રેશનકાર્ડના e-KYC બાબતે પ્રજાજોગ મહત્ત્વની જાણકારી



૧. રાજ્યના તમામ રેશનકાર્ડ ધારકોને વિનંતી કે, જે લાભાર્થીઓનું e-KYC બાકી છે, તેઓને તા. ૩૧ ડિસેમ્બર – ૨૦૨૪ બાદ પણ મળવાપાત્ર અનાજ યથાવત્ મળશે. તેમાં કોઈ ઘટાડો નહીં થાય કે બંધ નહીં થાય.

૨. આ જ રીતે સરકારશ્રીની અન્ય યોજનાઓનો લાભ પણ તા. ૩૧ ડિસેમ્બર–૨૦૨૪ બાદ મળતો રહેશે.

૩. આથી, e-KYC માટે બાકી રહેતા તમામ રેશનકાર્ડ ધારકોને અફવાઓથી ગેરમાર્ગે ન દોરાવા તથા બિનજરૂરી ગભરાટથી દૂર રહેવા વિનંતી છે.

૪. રેશનકાર્ડમાં e-KYC માટે સરકારી કચેરીમાં જવાના બદલે આપ ઘરે બેઠાં “MY RATION” મોબાઇલ એપ્લિકેશનથી સરળતાથી e-KYC કરી શકો છો.

૫. રેશનકાર્ડમાં e-KYC માટે આપના તથા કુટુંબના તમામ સભ્યોના આધાર કાર્ડમાં સરનામા, મોબાઈલ નંબર જેવી વિગતો અદ્યતન હોવી જરૂરી છે.

આધાર કાર્ડમાં સુધારા માટેની જાણકારી.

૧. આધાર કાર્ડમાં સરનામામાં સુધારો ઘરે બેઠાં થઈ શકે છે.

૨. આ માટે UIDAIની વેબસાઈટ www.uidai.gov.in પર "My Aadhaar" વિકલ્પ પસંદ કરો.

૩. આધાર કાર્ડમાં ફેરફાર કરવાપાત્ર વિગતો પસંદ કરીને જરૂરી દસ્તાવેજ અપલોડ કરો.

૪. આધાર કાર્ડમાં મોબાઈલ નંબરના સુધારા માટે આપ નજીકની પોસ્ટ ઓફિસ, બેંક, ઈ–ગ્રામ કેન્દ્ર, ઝોનલ કચેરી અથવા જનસેવા કેન્દ્ર પર જઈને સુધારો કરી શકો છો.

૫. આપની નજીકના આધાર કેન્દ્રની જાણકારી https://bhuvanapp3.nrsc.gov.in/aadhaar/ પોર્ટલ પરથી મેળવી શકો છો.

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે “My Ration” મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા

- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે